Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

सम्यक्त्वं सत् प्रदत्ते प्रकटयति गुरौ वीतरागे च भक्तिं
माधुर्यं नीतिवल्ल्या मधुरफलगतं राति संसारमार्गे ।
भव्यानारोहयत्यात्महितकर गुणस्थानपाटीं प्रकृष्टां
आत्मानन्दप्रकाशः सुरतरुरिव यत्सर्वकामान् प्रसूते ॥१॥

पुस्तक १३. } वीर संवत् २४४२ कार्तिक. आत्म सं. २०. } अंक ४ थो

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा. भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| નંબર. વિષય. | પૃષ્ઠ. | નંબર. વિષય. | પૃષ્ઠ |
|---|---|---|---|
| નવા વર્ષાભિનંદન માંગલિકય સ્તુતિ. | ૭૫ | સૂક્તરત્નાવળી. ... ... ... | ૮૮ |
| શ્રાવકધર્મ—આચારોપદેશ. ... ... | ૭૭ | વર્તમાન સમાચાર. ... ... ... | ૯૦ |
| હિમત નહિ હારજે બંધુ ! ... ... | ૮૨ | જૈન ઇતિહાસિક સાહિત્ય. ... ... | ૯૧ |
| જૈન સાહિત્ય શોધ. ... ... ... | ૮૩ | મનુષ્યને શાથી હાર ખાવી પડે છે. ... | ૯૭ |
| જૈન સંક્ષિપ્ત ઇતિહાસ. ... ... | ૮૬ | ગ્રંથાવલોકન. ... ... ... ... | ૯૭ |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

શ્રી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના માનવંતા લાઇફ મેમ્બરને ભેટ.

આ સભાના માનવંતા લાઇફ મેમ્બરોને નીચે જણાવેલા ગ્રંથો ધારા મુજબ ભેટ આપવા માટે મુકરર થયેલા છે. ગયા પોસ માસમાં ચૌદ ગ્રંથો ભેટ આપવામાં આવેલા હતા, જેને હજી બાર માસ થયા નથી તેટલામાં બીજી વખત અમારા લાઇફ મેમ્બરોને ચૌદ નવા પુસ્તકો ભેટ આપવાનો આ સભાનો આ પ્રયાસ છે. ગ્રંથ પ્રસિદ્ધનું કાર્ય બહોળા પ્રમાણમાં ચાલતું હોવાથી આ સભાનું લાઇફ મેમ્બર થનાર ગૃહસ્થને અનેક સંખ્યામાં પુસ્તકો ભેટ મળે છે, **જેથી આ સભામાં લાઇફ મેમ્બર થઈ બીજા લાભ સાથે પણ આ પણ લાભ લેવા જેવું છે.** પુસ્તક પ્રસિદ્ધનું કાર્ય ઘણાં બહોળા પ્રમાણમાં જારી હોવાથી થોડા વખતમાં બીજા ગ્રંથો પણ ભેટ આપવામાં આવશે.

**૧ પર્યુષણ અષ્ટાન્હિક વ્યાખ્યાન ભાષાંતર.** **૨ ગુરૂગુણષટ્ત્રિંશિકા.**
**૩ કુમારપાળ પ્રબંધ.** **૪ જૈન વિવાહના ગીતો.**
**૫ શ્રી ધમ્મીલ ચરિત્ર.** **૬ શ્રી ધન્ના ચરિત્ર.**
**૭ શ્રી તપોરત્ન મહોદધિ. ભાગ ૧-૨.** **૮ પ્રતિમા શતક.**
**૯ જ્ઞાનસાર અષ્ટકની જ્ઞાન મંજરી ટીકા.** **૧૦ વિવિધ પૂજા સંગ્રહ.**
**૧૧ ચૈત્યવંદન ચોવીશી.** **૧૨ ઉપદેશ સપ્તતિકા.**
**૧૩ સમયસાર પ્રકરણ.** **૧૪ સ્નાત્રપૂજા શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વર કૃત**

નંબર ૨-૩-૫-૬-૮-૯-૧૧-૧૨-૧૩ સંસ્કૃત મૂળ ગ્રંથો હોવાથી તેના ખપી જૈન બંધુઓ ભાગ્યેજ હોવાથી પ્રથમ મુજબ આ સભાના જે લાઇફ મેમ્બરો ખાસ પત્ર લખી મંગાવશે તેઓનેજ મોકલવામાં આવશે. કારણ કે તેવા મૂળ ગ્રંથો બહોળા પ્રમાણમાં તેનાં અભ્યાસી મુનિ મહારાજાઓ વગેરેને સભાની જેમ તેઓની વતી ભેટ અપાયે જાય છે, તેમ ઉક્ત ઉપ જણાવેલા નંબરોના ગ્રંથો તેમની વતી ભેટ અપાય છે. બાકીના જે સંસ્કૃત સિવાયના તમા ગ્રંથો લાઇફ મેમ્બરોને તેઓના વગર લખે પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરીને તેઓ સાહેબને મોકલી આપવામાં આવેલ છે.

---

## આ સભા તરફથી હાલમાં નવા છપાએલા ગ્રંથો.

| | | | |
|---|---|---|---|
| ૧ શ્રી ઉપદેશ સપ્તતિકા | ૦-૧૩-૦ | ૨ શ્રી કુમારપાળ પ્રબંધ | ૦-૧૪-૦ |
| ૩ ગુરૂગુણષટ્ત્રિંશિકા | ૦-૯-૦ | ૪ શ્રી ધમ્મીલ કથા. | ૦-૨-૦ |
| ૫ પ્રતિમાશતક | ૦-૮-૦ | ૬ શ્રી ધન્ના ચરિત્ર | ૦-૨-૦ |
| ૭ જ્ઞાનસાર અષ્ટકજી | ૧-૦-૦ | ૮ સમયસાર પ્રકરણમ્ | ૦-૮-૦ |
| ૯ ચૈત્યવંદન ચોવીશી | ૦-૬-૦ | ૧૦ વિવિધ પૂજા સંગ્રહ | ૦-૮-૦ |
| ૧૧ તપોરત્ન મહોદધિ ભાગ ૧-૨ | ૦-૮-૦ | | |

માત્ર સંસ્કૃત ગ્રંથો જે કે આર્થિક સહાય વડે છપાવવામાં આવે છે તે મુનિ મહારાજો સાધ્વી મહારાજોને તેઓના સમુદાયના હૈયાત ( વિદ્યમાન ) વડિલ મુનિરાજની મારફત મંગાવવાથી કોઈપણ શ્રાવકના નામ ઉપર પોસ્ટેજ પુરતા પૈસાનું વી. પી. કરી ભેટ મોકલવામાં આવે છે. અને આવા ગ્રંથના અભ્યાસી જૈન બંધુઓને લાઇબ્રેરી, પાઠશાળાને માત્ર ઉપરની મુદ્દલ કિંમતે પોસ્ટેજના પૈસા સાથે વી. પી. થી મોકલવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-पीडितेन तदपनयनाय हेयोपादेय-पदार्थ परिज्ञाने यत्नोविधेयः ॥

पुस्तक १३ ] वीर संवत् २४४२, कार्तिक. आत्म संवत् २०. [ अंक ४ थो.

## नवीन वर्षारंभे जैन मांगलिक्य स्तुति.

( शार्दूल विक्रीडित छंद. )

ગાજે પંચમ કાળમાં ભવભીતિ, ભવ્યાત્મની ટાળવા,
મિથ્યા મોહ મહાંધકાર દળવા, સન્માર્ગ સંભાળવા;
વર્તે છે જયવંત અંત કરવા, સંસારના ફંદને,
વંદો મંગળ એહ શાસનપતિ, શ્રી ત્રીશલાનંદને.
ધારીને અભિમાન અંતર અતી, સર્વજ્ઞ પાસે જતા,
પેખ્યા દિનદયાળ શાંત પ્રભુને, [1]દિવ્યાસને શોભતા;
થાતા વીપ્ર સનાથ નાથ શરણે, અજ્ઞાનને [2]વામતા,
વંદો ગૌતમ આદિ એ ગણધરા, સત્કાર્ય આરંભતા.
વર્ષાકાળ વિશાળ ભાવ ધરતા, કોશાતણા સ્થાનમાં,
જીત્યા કામવિકાર નિશ્ચલપણે, રેતા સદા ધ્યાનમાં;
વંદો તે સ્થુલિભદ્ર મંગળ મહા, થ્યા વીરના [3]આસને,
ધર્મો મંગળ જૈન "દુર્લભ" દમે, કર્મોતણા પાસને.

લેખક—દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા વળાવાળા.

૧ દેવતાઓ રચિત સમવસરણમાં. ૨ છોડતા—તજી દેતા. ૩ પાટે થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ૐ

॥ श्री वीराय नमः ॥

# श्रीमान् वीरप्रभुनुं मोक्षगमन तत् समये–श्री गौतम स्वामीनी सराग–निराग भावना.

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને—એ ચાલ. )

તારા વિના વીર કોની સાથે બોલશું, જંગલવત્ સબ લાગે આ સંસારજો;
વિધ વિધ શાસ્ત્ર તણો આલાપ કરૂં કિહાં, ભોજન પણ નહિં ભાવે તુમ વિણ નાથજો. તારા૦ ૧

કાર્ય સકલ કરવા તુઝ અનુમતિ માંગતો, તેહવિ હે વીર ! કોણથી પ્રાપ્ત જ થાયજો;
પ્રેમ પ્રકર્ષથી હર્ષ હજુ અમ અન્તરે, નિરાશ્રયી કરી આપ ગયા શિવ સ્થાનજો. તારા૦ ૨

અમૃત અંજન સમ પ્રભુ દર્શન તાહરૂં, કરવા અતિ અમ અન્તર ઇચ્છા થાયજો;
સ્વામિ નિરાગી છતાં હું રાગે વિનવું, શિષ્ય ગણી લીઓ સાથે દીન દયાળજો. તારા૦ ૩

રાગ દશા એ બંધન આ સંસારનું, એહવી તારી વાણીનો વિસ્તારજો;
આજ ખરેખર અનુભવથી અવગાહી મેં, બાહ્ય દ્રષ્ટિએ સ્વામી શિષ્ય ગણાયજો. તારા૦ ૪

કોણના વીરને કોણના સ્વામી માનવા, શ્રીયુત ગૌતમ એ ભાવે તદ્ રૂપજો;
નિજ સ્વરૂપી થયા કેવળ કમળા વરી, ભવિ પ્રકટાવો તે ભાવે નિજ રૂપજો. તારા૦ ૫

સં. ૧૯૭૨
ગણેશવાડી–મુંબઈ.
નૂતન વર્ષનો પ્રાત: સમય

( જિજ્ઞાસુ ઉમેદવાર. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી શ્રાવક આચારોપદેશ.

# " આચારોપદેશ તૃતીયો વર્ગ. "

( ગતાંક પૃષ્ટ ૫૫ થી શરૂ. )

( લેખક—શાન્ત મૂર્તિ મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

૧ પછી ગૃહ શોભાને જોતો છતો, વિદ્વાનોની ગોષ્ઠી કરવા તત્પર રહી પુત્રાદિક પરિવારને હિત શિખામણ દેતા સુખે બે ઘડી સુધી ( ઘરેજ ) સ્થિરતા કરે-વિશ્રાન્તિ લેય.

૨ અનેક સદ્ગુણો સંપ્રાપ્ત થયે છતે અને ધનાદિક સંપદાને પુન્યાધીન લેખ્યે છતે, સમસ્ત તત્ત્વ ( હિતાહિત ) ને સારી રીતે સમજનાર વિવેકી નરો સદ્ગુણથી ચ્યવતા-પડી જતા નથી.

૩ વંશ ( જાતિ-કુળ ) હીન મનુષ્ય પણ સદ્ગુણો વડે ઉત્તમતા-શ્રેષ્ઠતા-પૂજ્યતાને પામે છે. જુઓ પંક-કાદવમાંથી પેદા થયેલું પંકજ-કમળ માથા ઉપર ચઢાવાય છે, અને કાદવ પગે કચરાય છે.

૪ ઉત્તમ સ્ત્રી પુરૂષોની ખાણ કંઇ હોતી નથી, તેમજ એવું કુળ પણ જગતમાં ભાગ્યેજ હોય છે. સ્વાભાવિક રીતે મનુષ્યોજ સ્વગુણો વડે જગતમાં સર્વ વડે પ્રશંસાપાત્ર થયેલા છે.

૫ જેમ સત્વાદિક ગુણો વડે સંપૂર્ણ હોય એવો મનુષ્ય રાજ્ય પાલન કરવા યોગ્ય કહેવાય છે, તેમ આગળ કહેવાતા એકવીશ ગુણો વડે યુકત માનવ સર્વજ્ઞોકત ધર્મને લાયક ગણાય છે.

## " પવિત્ર ધર્મ પ્રાપ્તિની યોગ્યતા માટે પ્રથમ આદરવા લાયક ૨૧ ગુણોનું વર્ણન.

૬-૮

૧ ક્ષુદ્રતા વગરનું-અક્ષુદ્ર-ગંભીર હૃદય, જેથી પરાયાં છિદ્ર નહિ જોતાં ગુણ જ ગ્રહણ કરવાનું બને.

૨ શીતળ પ્રકૃતિ-આચાર, વિચાર અને વાણીની મીઠાશ, જેથી સહુને શાન્તિ-સમાધિ ઉપજે.

૩ ભવ્ય આકૃતિ-ઇન્દ્રિય પટુતા, શરીર આરોગ્ય અને સુંદર બંધારણ, જેથી ધર્મ સંબંધી ધાર્યું કામ થઈ શકે.

૪ લોક પ્રિયતા-સ્વાર્થ તજી લોકોપકારી કાર્ય કરવાની ઉંડી લાગણીથી સહુ સંગાતે મેળવેલી મીઠાશ-વ્હાલપ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૫ મનની અકઠોરતા–મૃદુતા–કોમળતા, જેથી કોઇ પણ પાપ કાર્ય તીવ્ર પરિણામે કરી ન શકે; મન કુણું રાખે.

૬ પાપનો યા પરભવનો ડર અથવા ગુરૂજનોની યા વડીલોની બ્હીક, જેથી કોઇ પણ અકાર્ય કરતાં પાછો હઠે.

૭ નિષ્કપટ–નિઃખાલસ વૃત્તિ, જેથી કરવું કંઇ અને કહેવું કાંઇ એવી કપટ ક્રિયાથી વેગળું રહેવાય.

૮ સુદાક્ષિણ્ય–પોતાની ઇચ્છા નહિ છતાં, જેથી સામાનું સંપાદન થઇ શકે એવી ભલી નિર્દોષ દાક્ષિણ્યતા.

૯ લજ્જાલુતા–અદબ અથવા મર્યાદા, જેથી અકાર્ય તજી સત્કાર્યમાં સહેજે જોડાઇ શકે.

૧૦ દયાલુતા–દયાર્દ્રતા, જેથી ગમે તેનું દુઃખ દેખી પોતાનું દીલ દ્રવે અને તેના ઉપર અનુંકંપા કરે.

૧૧ મધ્યસ્થતા–નિષ્પક્ષપાત બુદ્ધિ, જે વડે ગમે તેના ગુણ દોષને સ્વબુદ્ધિ તુલા વડે તોળી–માપી શકે.

૧૨ સૌમ્યદ્રષ્ટિ–સહુ ઉપર સમભાવ, અમી ભરી નજર, જેથી સહુને પ્રિય લાગે, કોઇને અપ્રીતિ ન ઉપજે, કવચિત્ આ ઉપર જણાવેલા બે ગુણને એક સાથે ગણી આગળ વિશેષજ્ઞતા ગુણ ઉમેરવામાં આવેલાં.

૧૩ ગુણાનુરાગ–સદ્ગુણ કે સદ્ગુણી ઉપર નિઃસ્વાર્થ પ્રેમ, જેથી એવા ઉત્તમ ગુણ આપણામાં સંક્રાન્ત થાય.

૧૪ સત્કથારૂચિ–વિકથા યા નકામી કુથલી નહિ કરતા સત્પુરૂષોનાં હિતવચનો કે ચરિત્રો વખાણવાની પ્રીતિ.

૧૫ સુપક્ષ–ધર્મિષ્ટ કુટુંબ જાડું બળીયું હોવાથી ધર્મમાર્ગમાં કોઇ પરાભવ કરી શકે નહિં–કરતાં ડરે.

૧૬ દીર્ઘદ્રષ્ટિ–શકયાશકય, હિતાહિત અને લાભ હાનિનો વિચાર કરી શકય કાર્યનો આરંભ કરે, સહસા ન કરે.

૧૭ વૃદ્ધસેવા–આચાર વિચારમાં કુશળ એવા શિષ્ટ પુરૂષોને અનુસરી ચાલવાની નિરભિમાન વૃત્તિ.

૧૮ વિનય–ગુણાધિકનું ઉચિત ગૌરવ–સન્માન સાચવવું, જેથી વિદ્યા, વિવેકાદિક ગુણોની સહેજે પ્રાપ્તિ થાય.

૧૯ કૃતજ્ઞતા–અન્ય ઉપકારી જનોએ આપણા ઉપર કરેલા ઉપકારનું વિસ્મરણ નહિ કરતાં તેનું સદોદિત સ્મરણ રાખી તેનો બદલો વાળવા તક મળે તો તે જવા નહિ દેવાની ચીવટ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦ પરોપકાર શીલતા–નિઃસ્વાર્થપણે સ્વકર્તવ્ય સમજીને અન્ય જીવોને ઉદ્ધારવાની ઉત્કટ ઇચ્છા અને તત્પરતા.

૨૧ લબ્ધલક્ષ–કોઇપણ કાર્યને સુખે સાધી શકે એવી કાર્યદક્ષતા, ચંચલતા અને સાવધાનતા.

ઉક્ત એકવીશ ગુણોનો દ્રઢ અભ્યાસ કરવા વડે આપણી હૃદયભૂમિ શુદ્ધ નિર્દોષ બની સત્‌ધર્મ યોગ્ય થવા પામે છે.

૯ ઘણું કરીને રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભોજનકથા, જેથી અર્થ-લાભ કશો ન હોય અને ઉલટો અનર્થ થવા સંભવ હોય તે બુદ્ધિશાળી તજે. નકામી કુથલીઓ કરી કાળક્ષેપ કદાપિ ન કરે.

૧૦ સુમિત્ર બંધુઓ સંગાતે માંહોમાંહે ધર્મકથા કરે અને શાસ્ત્ર–અર્થના જાણ એવા વિદ્વાનો સંગાતે શાસ્ત્રાર્થ સંબંધી રહસ્યો–ખરી ખૂબીઓ વિચારે, એવી રીતે પોતાનો વખત સાર્થક કરે.

૧૧ જેની સોબતથી પાપ બુદ્ધિ થાય ( બુદ્ધિ મલીન થાય ) તેવાની સંગતિ વર્જે અને તન, મન, વચનથી કોઇ રીતે પણ ન્યાય–નીતિ યા પ્રમાણિકતાનું ધોરણ કદાપિ ન તજે.

૧૨ તે સજ્જન કોઇના પણ અવર્ણવાદ ન બોલે માત, પિતા, ગુરૂ, સ્વામી અને રાજાદિકના તો નજ બોલે.

૧૩ મૂર્ખ, દુષ્ટ–હીણાચારી, મલીન, ધર્મનિંદક, દુઃશીલ, લોભી અને ચોરો સાથે સોબત સર્વથા વર્જે.

૧૪ મૂર્ખના ચિન્હો–અજાણ્યાની પ્રશંસા કરવી, તેને રહેવા માટે તથા પ્રકારનું સ્થાન આપવું, અજાણ્યા કુળનો સંબંધ કરવો, અને અજાણ્યો નોકર રાખવો, મ્હોટા વડિલ ઉપર કોપ કરવો વ્હાલા સાથે વિરોધ કરવો, ગુણી જનો સાથે વિવાદ કરવો અને પોતાથી ઉંચા દરજ્જાના નોકર રાખવા, પારકું દેવું કરીને ધર્મકૃત્ય કરવાં ( છતું લેણું ન માગવું ), છતે પૈસે કૃપણતા કરવી, સ્વજનો સાથે વિરોધ કરવો અને પરાયાં સાથે મિત્રતા રાખવી. મોક્ષ ( છુટી જવા ) માટે ઊંચા ચઢી ભેરવજપ કરવી, નોકરને દંડી ભોગ વિલાસ કરવો, દુઃખી હાલતમાં કર્મ ઉપર આશા રાખી બેસી રહેવું અથવા બંધુનો આશ્રય માગવો, અને પોતે પોતાના ગુણનું વર્ણન કરવું, બોલીને પોતેજ હસવું, જેનું તેનું જે તે ખાવું, આ ઉપર વર્ણવેલાં વિરૂદ્ધ કામ કરવાં એ સઘળાં મૂર્ખનાં ચિન્હો સમજી સુજ્ઞજનોએ અવશ્ય તજવાં–પરિહરવાં.

૧૯ ન્યાય ઉપાર્જિત દ્રવ્યનો ખપ કરે, દેશ વિરૂદ્ધ અને કાળ વિરૂદ્ધ ચર્ચા–ગમનાગમનને તજે, રાજાના દુશ્મનો સાથે સંગતિ ન કરે અને ( ગમે તેવાં નબળાં પણ ) ઘણા લોકો સાથે વિરોધ ન કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦–૨૪ સરખા કુળ અને આચારવાળા અન્યગોત્રીયા સાથે વિવાહ કરે અને ભલા પડોશમાં ઘર બાંધી સ્વજન કુટુંબી જનો સાથે રહે. ઉપદ્રવવાળું સ્થાન તજે, આવકના પ્રમાણમાંજ ખર્ચ કરે, સ્વસંપત્તિ અનુસારે પહેરવેશ રાખે અને લોક વિરૂદ્ધ કામ ન કરે. દેશાચારનું સેવન કરે, સ્વકર્તવ્ય ધર્મને ન તજે, આશ્રયે આવેલાનું હિત કરે, સ્વશકિતનો ખ્યાલ રાખી ઉચિત કાર્ય કરે, અને હિતાહિતનો વિશેષ ખ્યાલ રાખે, ઇન્દ્રિયોને સારી રીતે નિયમોમાં રાખે, દેવ ગુરૂ પ્રત્યે ખૂબ ભકિતભાવ રાખે તેમજ સ્વજન, અનાથ અને અતિથિ–સાધુસંતની સેવાચાકરી કરે. એવી રીતે ચતુર જનોની સંગાતે વિચારચાતુર્ય રચતો, શાસ્ત્રોને સાંભળતો કે ભણતો કેટલોક વખત વ્યતીત કરે. નકામો કાળક્ષેપ નજ કરે.

૨૫ પછી દ્રવ્ય ઉપાર્જન કરવા ઉપાય કરે પણ નશીબ ઉપરજ આધાર રાખીને બેસી ન રહે, કેમકે રીતિસર ઉદ્યમ–વ્યવસાય કર્યા વગર કદાપી મનુષ્યોનું ભાગ્ય ફળતું નથી.

૨૬ શુદ્ધિ વ્યવહાર વડે સદાય વ્યવસાય કરતો કૂડ તોલ, માન કે લેખ દસ્તાવેજ ) કરવા વર્જે.

૨૭–૨૮ અંગારકર્મ, વનકર્મ, શકટ (ગાડાંવિ.) કર્મ, ભાટક (ભાડા) અને સ્ફોટક ( ધરતી ફોડવાનું ) કર્મ વડે આજીવિકા તજે, તથા દાંત, લાખ, રસ, કેશ અને વિષ સંબંધી કુવાણિજ્યનો ત્યાગ કરે, તેમજ યંત્રીપીલન, નિર્લાંછન ( ખાંસી કરવાનું), અસતી પોષણ ( દુષ્ટ પાલન ), દવદાન ( બાળી મૂકવું ) અને તળાવ વિગેરે સૂકાવવા એ ઉપર જણાવેલા સઘળાં ૧૫ કર્માદાન ધર્માર્થી જનોએ અવશ્ય વર્જવા.

૨૯ લોખંડ, મહુડાનાં ફૂલ, મદિરા, અને મધ તેમજ કંદમૂળ તથા પત્ર શાખાદિક બુદ્ધિશાળી હોય તે વ્યાપાર અર્થે આદરે નહિ. ઉપર જણાવેલા સઘળા પાપ વ્યાપાર સુજ્ઞજનો કરે નહિ.

૩૦ ફાગુણ ચોમાસી ઉપરાંત તલ અને અલશી રાખે નહિ તેમજ જંતુનાશક ગોળ તથા ટોપરાં પ્રમુખ ચોમાસું ( અષાઢી ) આવ્યે છતે રાખે નહિ. જે જે વસ્તુનો સંગ્રહ કરવાથી ત્રસાદિ જીવોનો સંહાર થાય તે વસ્તુનો સંચય સુબુદ્ધિવંત હોય તે લોભવશ બની કરે નહિં.

૩૧ ચોમાસામાં ગાડાં અથવા બળદોને હંકાવે નહિજ, તેમજ અનેક ત્રસાદિક જીવોની હિંસાકારક કૃષિકર્મ ( ખેડ ) પણ પ્રાય: કરાવે નહિં.

**"વ્યાપાર–વ્યવસાય કરવાની કુનેહ" અને સ્વધર્મ રક્ષા."**

૩૨ વ્યાજબી મૂલ્ય મળતું હોય તો વસ્તુ વેચી દેવી પણ અધિક અધિક મૂલ્ય ઇચ્છિવું નહિ, કેમકે અતિ મૂલ્ય કરનાર લોભી માણસનાં નાણાં સમૂળગાં નાશ પણ પામી જાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩૩ ભારે મ્હોટો લાભ મળતો હોય તો પણ ઉદ્ધારે આપવું નહિ તેમજ લોભવશ થઈ સામું ઘરેણું રાખ્યા વગર વ્યાજવું ધન આપવું નહિ. જેથી ચિન્તા વ્હોરી લેવી ન પડે તેમ કરવું.

૩૪ ધર્મનો મર્મ સમજનાર જાણી જોઈને ચોરીનો માલ ગ્રહણ કરેજ નહિ, અને વિવેકવંત હોય તે વ્યાપારમાં સરસ નરસ વસ્તુની સેળભેળ કરી દગલબાજી ભર્યો ધંધો કરે નહિ.

૩૫ ચોર, ચંડાળ, ધૂર્ત–ઠગ, મલીન અને પતિત–પાપીજનો સાથે, આ લોક પરલોક સંબંધી સુખની વાંછા રાખનારે કશો વ્યવહાર ( વ્યાપાર–વ્યવસાય ) કરવો નહિ.

૩૬ વિચક્ષણ હોય–પરભવથી યા પાપથી ડરતો હોય, તે વેચાણ કરતો વસ્તુનું જૂઠું મૂલ્ય કરે નહિ; વ્યાજબી મૂલ્યજ કરે, અને અન્યની વસ્તુને લેતાં જે કરાર કર્યો હોય તે લોપે નહિ. કોઈ વસ્તુ દેતાં કે લેતાં લોભવશ નહિ થતાં પ્રમાણિકપણું બરાબર સાચવી રાખે.

૩૭ સુબુદ્ધિવંત હોય તે અણદીઠેલી વસ્તુનું સાટું ન જ કરે. અને સુવર્ણ રત્નાદિક કિંમતી ચીજો પ્રાયઃ પરિક્ષા કર્યા વગર ગ્રહણ ન કરે.

૩૮ રાજાના પ્રતાપ વગર અનર્થ અને આવી પડેલ આપદાનું નિવારણ થવા ન પામે તેથી સ્વતંત્રપણું સાચવી રાખી રાજાઓને યથાયોગ્ય અનુસરે.

૩૯ તપસ્વી, કવિ, વૈદ્ય, મર્મના જાણ, રસોઇ કરનાર, મંત્રવાદી અને પોતાના પૂજ્ય–વડિલોને કદાપિ કોપાવવા નહિ. તેમને કોપાવવાથી દ્રવ્યભાવથી આપણું અનિષ્ટ થઇ જવા પામે છે.

૪૦ અર્થ ઉપાર્જન કરવા તત્પર થયેલાએ અતિ કલેશ, ધર્મનું ઉલ્લંઘન, નીચજનોની સેવા અને વિશ્વાસઘાત એટલા વાનાં કરવાં નહિ.

૪૧ લેતાં અને દેતાં પોતાનું બોલ્યું લોપવું નહિ, પોતાનું વચન યથાર્થ રીતે પાળનાર માણસ મ્હોટી પ્રતિષ્ઠા પામે છે. માણસનું મૂલ્ય તેના પોતાના વચનથીજ થવા પામે છે.

૪૨ પોતાની વસ્તુનો સર્વથા નાશ થતો હોય તો પણ ધીર પુરૂષો પોતાનું બોલ્યુંજ પાળે, પરંતુ જે નજીવા લાભની ખાતર પોતાનું વચન લોપે તે વસુરાજાની પેરે દ્રવ્યભાવથી દુઃખી થવા પામે.

૪૩–૪૪ એવી રીતે વ્યવસાય કરતો ચોથો પહોર વ્યતીત કરે અને વાળુ કરવા માટે પોતાના મંદિરે જાય પણ જેણે એકાશનાદિક પચ્ચખાણ કર્યું હોય તે તો આવશ્યક–પ્રતિક્રમણ કરવા નિમિત્તે સાયંકાળ થતાં મુનિરાજ બિરાજતા હોય તે સ્થળે જાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪૫ દિવસના આઠમે ભાગે–ચાર ઘડી દિવસ રહ્યો હોય ત્યારે બુદ્ધિશાળી હોય તે વાળુ કરી લેય. વિચક્ષણ હોય તે સંધ્યા સમયે તેમજ રાત્રી સમયે ભોજન નજ કરે.

૪૬ સંધ્યા સમયે આહાર, મૈથુન ( વિષય વિલાસ ) નિદ્રા અને ખાસ કરીને વિદ્યા અભ્યાસ એ ચાર વાનાં ચીવટ રાખીને વર્જે અન્યથા એથી અનર્થ થવા પામે છે.

૪૭ અહાર થકી વ્યાધિ ઉત્પન્ન થાય છે, મૈથુન થકી ગર્ભસ્થ બાળક દુષ્ટ થવા પામે છે, નિદ્રા કરવાથી ભૂતપીડા અને વિદ્યાભ્યાસથી બુદ્ધિહીનતા થવા પામે છે.

૪૮ વાળુ કર્યા પછી દિવસ ચરિમ દુવિહાર, તિવિહાર કે ચોવિહારનું પચ્ચખાણ કરી લેવું.

૪૯ રાત્રીભોજન સંબંધી દોષના જાણ હોઇ જે કોઇ દિવસની આદિની અને અંતની બે બે ઘડી સુધી રાત્રીભોજન તજે તેને પુન્યશાળી જાણવા.

૫૦ જે કોઇ ભાગ્યશાળી રાત્રીભોજનનો સર્વથા ત્યાગ કરે છે, તે પોતાની જીંદગીના અર્ધા ભાગના ઉપવાસનો લાભ અવશ્ય મેળવે છે. ટેકીલા વ્રતધારીજ આવો ઉત્તમ લાભ હાંસલ કરી શકે શકે છે.

૫૧ દિવસે અને રાત્રે જે ખાતો પીતોજ રહે છે તે શીંગડા અને પુંછડા વગરનો પશુ જ છે, એમ સ્પષ્ટ રીતે તે પોતાની મોકળી વૃત્તિથી પૂરવાર કરી આપે છે.

૫૨ રાત્રી ભોજનના દોષ પાતિકથી પ્રાણીયો ઘૂડ, કાગ, માર્જાર, ગીધ, શાંબર, સૂઅર ( ભૂંડ ), સાપ, વીંછુ, અને ગીરોલી જેવા નીચ અવતાર પ્રાપ્ત કરે છે, ( અને ધર્મભ્રષ્ટ થાય છે. )

રાત્રી સમયે હોમ–આહૂતિ, સ્નાન, દેવપૂજા, દાન અને ખાસ કરીને ભોજન કરવાનું વર્જેલું છે. આટલા વાનાં રાત્રે કરવાની શાસ્ત્રકારની મના છે.

૫૪ એવી રીતે ન્યાય–નીતિવડે શોભતો જે પુરૂષ દિવસના ચારે પહોરને નિર્ગમે છે. તે ન્યાય યુકત અને વિનય વિચક્ષણ હોઈ અંતે અક્ષય સુખનો ભાગી થાય છે.

## " હિમ્મત નહિ હારજે બન્ધુ! "

દુ:ખીની દાદ લ્હેવામાં ! સુકાર્યે સ્હાય દેવામાં !
શિખામણ સત્ય કે'વામાં ! હિમ્મત નહિ હારજે બન્ધુ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સિતમગરને દબાવવામાં ! શરણની વા'ર ધા'વામાં !
અધર્મીને હટાવવામાં ? હિમ્મત નહિ હારજે બન્ધુ ?
ભૂલેલાંને બતવવામાં ! અશાન્તિ દૂર હરવામાં !
અધૂરા પૂર્ણ કરવામાં ? હિમ્મત નહિ હારજે બન્ધુ ?
ગુણજ્ઞતા મેળવવામાં ! પરાયા દુઃખ દળવામાં !
સુ-સંગી સંગ ભળવામાં ? હિમ્મત નહિ હારજે બન્ધુ ?
ગુણીના ગાન ગાવામાં ! નીતિને માર્ગે જાવામાં !
સફળ જીવ્યું બજાવવામાં ? હિમ્મત નહિ હારજે બન્ધુ ?

લલીતાંગ.

# જૈન સાહિત્યની શોધ.

પૂર્વકાળે જૈન સાહિત્યવૃક્ષની અનેક શાખાઓ આર્યાવર્ત્તમાં પ્રવર્ત્તેલી છે. પરંતુ તેની પૂરેપૂરી શોધ કરવામાં આવતી નથી, એટલું શોચનીય છે. સંસ્કૃત અને માગધી ભાષાનું જૈન સાહિત્ય વિક્રમના ત્રીજા સૈકા સુધી વિસ્તીર્ણ થતું ગયું છે. તેની પહેલા તો સૂત્રો ઉપર ઘણે ભાગે માત્ર ધાર્મિક સાહિત્યની વૃદ્ધિ થતી હતી. તે કાલે કથા, વાર્ત્તા, કાવ્ય, નાટક આદિ ગ્રંથોનું સાહિત્ય પ્રવર્ત્યું નહતું. તે સાહિત્યની પ્રવૃત્તિ તો વિક્રમના ત્રીજા સૈકા પછી થઈ હોય એમ લાગે છે. તે કાલે તત્ત્વશાસ્ત્ર અને પારિભાષિક વિષયો ઉપર જન સમાજનું લક્ષ ખેંચાયું હતું. અને જેટલા બને તેટલા આગ્રહથી એવા વિષયોની પ્રસિદ્ધિ કરવી આવશ્યક લાગતી હતી. વળી તે કાળે તે સાહિત્યના લેખકો એવું ધારતા કે જે વિષય હાથમાં લેવો તે સંપૂર્ણ સમજવો અને તેની પરિભાષાનો ત્યાગ કરવો નહિં. તે સમયના મહાનુભાવ લેખકોએ મૂળ સૂત્રો સાથે પરિભાષામાં તેને ટીકા વગેરેથી વિસ્તૃત કરવાથી અનેક પારિભાષિક શબ્દોની વૃદ્ધિ થયેલી દેખાય છે.

બીજી એક વાત એ હતી કે, તે સમયના જૈન લેખકો પોતાના લેખોમાં ભક્તિના રસથી પ્રપૂર્ણ હૃદયના ઉદ્‌ગારો પ્રગટ કરતા હતા. જે લેખોમાં ચમત્કૃતિના ઘણા આગળ પડતા અંશો સ્પષ્ટ જણાઇ આવે છે. વિક્રમના દશમાથી પંદરમા સૈકા સુધીમાં જૈન વિદ્વાનોએ ચરિતાનુયોગના ઘણાં લેખો લખેલા હોય એમ લાગે છે. હજુ આપણે તેની વધુ શોધ કરી શકયા નથી. તે માંહેના કેટલાએક મહાન પુરૂષોના ચરિત્રો અનેક રીતે બોધદાયક છે. તે તે મહાત્માઓ એવા એવા ઉત્કૃષ્ટ પદને કેવી રીતે પોંહોચ્યા, તેમના કર્ત્તવ્યથી આર્હત પ્રજાની અને દેશની સ્થિતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર કેવી કેવી અસરો થઈ અને તે સ્થિતિના કિયા કિયા અંશ તેમના સ્વરૂપને કેવે કેવે પ્રકારે ઉપકારક થયા. એની પૂરેપૂરી શોધ થવી જોઇએ. એ સર્વ જાણવાથી આપણને અનુકરણ કરવા યોગ્ય અનેક દ્રષ્ટાંતો મળી આવે તેમ છે. તેથી કરીને આપણા સંસારની અધમતામાં પડતાં પડતાં આપણી દ્રષ્ટિ એવા ઉત્તમ ઉદ્ધારકો ઉપર ટકી રહેવાથી આપણને અનંત આશ્વાસન અને ઉત્સાહની પ્રાપ્તિ થયા વગર રહેતી નથી. કેટલાએક ચરિત્રના નાયકો એક અપ્રસિદ્ધ સામાન્ય સ્થિતિમાંથી મહાન્ ઉચ્ચ પદને પ્રાપ્ત કરવા સમર્થ થયેલા હતા. તેમના ઉન્નત જીવનમાં પોતાનું કર્ત્તવ્ય કરવામાં તેમણે જે ઉત્તમ ગુણોનું દર્શન કરાવ્યું છે, તે આપણાં હૃદય ઉપર અમર છાપ મૂકી જાય તેવું છે. તેવા લેખોની પણ અત્યારે પૂરેપૂરી શોધ કરવાની આવશ્યકતા છે.

વિક્રમના સોળમાં સૈકા પછી જૈન સાહિત્ય વૃક્ષની કેટલીએક વૃદ્ધિ થયેલી જોવામાં આવે છે, પરંતુ તે સમયે બીજા ધર્મોની સાથે ધર્મ સંબંધી વિવાદ અને કળહ થવાના કેટલાએક પ્રસંગો બન્યા હતા, તથાપિ તે કાળે કેટલાએક લેખો વિલક્ષણ, આકર્ષક; બોધદાયક અને મનરંજન કરનારા ઉદ્ભવ્યા છે. તે સાથે કેટલાએક ધાર્મિક ભાવનાને વધારનારા પણ થયા છે. આ સર્વ લેખોમાં કેટલાએક લેખો મળી આવે છે અને બાકીના લેખોનાતો માત્ર નામજ સાંભળવામાં આવે છે. તે જે નામનું શ્રવણ બીજા ગ્રંથોની પ્રશસ્તિના લેખોમાંથી મળી આવે છે. તથાપિ જો ખંત અને ઉત્સાહથી તેમની શોધ કરવામાં આવે તો તે લેખોમાંથી કેટલાએક લેખો અદ્યાપિ પણ ઉપલબ્ધ કરી શકાય તેમ છે.

બીજી તરફ જૈન ભાષા સાહિત્યની શોધ વિષે વિચાર કરવાથી માલમ પડે છે કે, જૈન ભાષા સાહિત્યનો આરંભ લગભગ વિક્રમના બારમા કે તેરમા સૈકાથી થયો છે. તે સમયે ગુર્જરગિરાની કેવી સ્થિતિ હતી, તે તે સમયના લેખો ઉપરથી જાણી શકાય છે. તે સાહિત્ય ગદ્ય અને પદ્ય એવા બે પ્રકારથી ગ્રંથાએલું જોવામાં આવે છે. તે સાહિત્યની ભાષા પુરાણી છે છતાં પણ તેની અંદર ચમત્કૃતિ ભરેલી રચના જોવામાં આવે છે. સાંપ્રતકાળે કેટલાએક જે ઉત્સાહી શોધકો તે ભાષાના લેખો પ્રગટ કરવા પ્રયત્ન કરે છે, તેમને સંપૂર્ણ અભિનંદન ઘટે છે. વિક્રમના બારમા અને તેરમાં સૈકામાં દેશી ભાષાનું સ્વરૂપ જુદાજ પ્રકારનું દેખાય છે. તે સમયે બીજી ભાષાઓના લેખોનો શોધ થયો નથી, પણ ગુર્જર ભાષા પરત્વે જે કાંઈ શોધ કરવામાં આવેલ છે, તે ઉપરથી તો સ્પષ્ટ જણાય છે કે, ચૌદમાં શતક સુધીની તો ગુર્જર ભાષા અપભ્રંશ પ્રાકૃત જ રહેવા પામેલી હતી. ગુર્જર ભાષાનું સ્વરૂપ જે કાંઇ બંધાયું છે, તે ચૌદમા શતક પછી બંધાયું છે, એમ તો ખાત્રીથી કહી શકાય તેમ છે. હાલમાં *જૈન ગુર્જર સાહિત્યોદ્ધારની સંસ્થા તરફથી શ્રી **આનંદ—**

* શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડ—મુંબઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કાવ્ય મહોદધિના** મૌક્તિકો જે પ્રગટ થવા લાગ્યા છે, તેની અંદર આવતા પ્રાચીન રાસોના લેખોએ તે વિષે સારો પ્રકાશ પાડયો છે. અને તેઓ ભવિષ્યમાં ગુજરાતી ભાષામાં જૈન સાહિત્યને સારી પ્રતિષ્ટા અપાવશે. વિક્રમના ચૌદમા સૈકામાં ગુર્જરગિરાનો પદ્યરૂપે પ્રથમ જન્મ થયો, એ વાત ઇતિહાસ ઉપરથી પણ સિદ્ધ થાય છે. અને તે જન્મને સૂચવનાર સપ્તક્ષેત્રી સાતક્ષેત્ર રાસ એ નામનો લેખ પ્રખ્યાત પણ કહેવાય છે. તે લેખમાં ગુર્જરગિરાની બાલ્ય અવસ્થા સારી રીતે દેખાઇ આવે છે, અર્થાત્ તેને શુદ્ધ ગુજરાતી કહી શકાય તેમ નથી. તદાપિ આર્હત્ ભાષા સાહિત્યની સર્વથી પ્રાચીનતા તો તેથી સિદ્ધ થાય છે. જેથી સૌથી પ્રથમ અને તે પછી અનુક્રમે ગુર્જરગિરાનું પોષણ પણ જૈનોથીજ થયું છે, એમ પણ નિ:શંક રીતે કહી શકાય છે; પરંતુ ઉત્સાહી જૈન શોધકોના અભાવથી એ ભાષા સાહિત્યનો વિકાશ આજસુધી થઇ શકયો નથી; તેથીજ જૈન ભાષા સાહિત્ય ગાઢ અંધકારમાં પડી રહ્યું છે. હવે આપણે તે અમૂલ્ય સાહિત્ય રત્નની શોધ કરવી જોઇએ. કાળ પરિવર્ત્તન થયું છે, તથાપિ આપણા ગુપ્ત ભંડારોમાં એ સાહિત્ય છિન્ન–ભિન્ન દશાએ પણ જીવંત રહેલું છે, એમ પ્રતીત થાય છે.

વિક્રમના ૧૭ મા સૈકા પછી જૈનભાષા સાહિત્ય ગદ્યપદ્ય સ્વરૂપે વિશેષ સુશોભિત બન્યું છે, જો કે તેની રચના શુદ્ધ ગુજરાતી રૂપે નહીં હોય તથાપિ અર્થ ગાંભીર્ય અને વિચાર ગાંભીર્યથી તે રચના કોઈ પણ રીતે ઉતરતી નથી; એમ તો કહેવું જોઇએ.

આ પ્રમાણે સંસ્કૃત; પ્રાકૃત અને ભાષારૂપે જૈન સાહિત્ય રૂપી વૃક્ષ ભારતભૂમિના વિશાળ ક્ષેત્રમાં ઉભું છે. સિંચન ન મળતા છતાં પણ તે પોતાના દિવ્ય પ્રભાવથી જીવંત રહેલું છે. તેને હવે શોધ કરી વિવિધ પ્રકારે પોષવું જોઇએ. આર્હત પ્રજાના ઉત્સાહી સાક્ષરો તેનું યથાર્થ પોષણ કરશે, તો તે મહાન્ વૃક્ષ ક્ષણવારમાં નવપલ્લવિત થઈ તેના મધુર ફલનો સ્વાદ સર્વ પ્રજાને ચખાડશે. વળી એમ પણ ખાત્રીથી કહેવાય છે કે, ઉત્તમ જૈન સાહિત્ય ભારતીને ભવ્યતા અને રસમયતા-અર્પી શકયું છે, તે સંપૂર્ણ સતેજ, અને અવિચ્છિન્ન છે, તેમજ આ ભારતભૂમિની કાવ્યની ભવ્ય ભૂમિ છે.

સાંપ્રતકાળે આવા શિક્ષણના અને વિદ્યાવિલાસના મહાન્ યુગમાં આપણે સર્વ આર્હત પ્રજા જોતાં છતાં અને સર્વ પ્રકારના સાધનો સમીપ છતાં આપણું સુંદર અને સુબોધમય સાહિત્ય વિચ્છિન્ન થઈ જાય, એ કેવા ખેદની વાત ? એ કેવો અનિષ્ટ પ્રમાદ ? સ્વહસ્તે ચિંતામણિ રત્ન ફેંકી દેવાને માટે કેવી તત્પરતા ? આ પ્રમાણે આર્હત પ્રજાની પોતાના ઉપયોગી સાહિત્ય તરફની ઉપેક્ષા જો લાંબો કાળ રહેશે, તો તેથી આર્હત ધર્મને, પ્રજાને અને પરિણામે દેશને મોટી હાનિ થઈ પડશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આર્હત પ્રજા પોતાના સાહિત્યનું ખરૂં માહાત્મ્ય સમજતી નથી. જ્યારે કેળવણીના નવીન સંસ્કારવાળી ઉછરતી પ્રજાના હૃદયો તે તરફ આકર્ષાશે અને તેમની મનોવૃત્તિમાં પોતાના સાહિત્યનો ઉદ્ધાર કરવાની ભાવના પ્રગટ થશે, ત્યારે એ દિવ્ય સાહિત્યની શોધ કરવાની ઉચ્ચ પ્રવૃત્તિ થશે, એવી અમોને ખાત્રી થાય છે. સુભાગ્યે કેટલાએક વિદ્વાન્ મુનિઓ એ દિશા તરફ વળવા લાગ્યા છે અને તેમના ઉપદેશથી કેટલોએક સુશિક્ષિત યુવક વર્ગ પણ આર્હત સાહિત્યની શોધ કરવા ઉત્સુક થવા લાગ્યો છે. જો હવે જૈન શ્રીમંતવર્ગ તરફથી તેમને સંપૂર્ણ સહાય મળશે તો તે ઉપયોગી કાર્ય સાધનસંપન્ન થઇ આશાના અંકુરોને પ્રગટાવ્યા વગર રહેશે નહીં.

# संक्षिप्त इतिहास.

### ( યોજક શેઠ પ્રેમચંદ રતનજી—ભાવનગર. )

ઇતિહાસ એ આપણા ગત્ તથા ચાલુ સંજોગો સાથે સંબંધ ધરાવે છે. આપણી ઉત્કૃષ્ટ તથા લય સ્થિતિનું ભાન કરાવે છે. આપણે તે તરફ જોઇએ તેવું ધ્યાન આપી શકતા નથી. આપણું કર્ત્તવ્ય ધર્મ એજ માની સંતોષી થયા છીએ. ઇતિહાસ તરફ દુર્લક્ષ આપવું રહેશે તો વિષેષ શોચનીય અવસ્થા થવાનો સંભવ મનેતો લાગે છે.

આપણને તે વસ્તુની કિંમત નથી ત્યારે અન્યદર્શીઓ તે કિંમતી છે તેવું ભાન આપણને કરાવે છે. આગળ ન જતા તાજો દાખલો લઇશું તો સુરત સાહિત્ય પરિષદ્‌ને અંગે ભરાયેલ પ્રદર્શનમાં જૈન સાહિત્યને અગ્રસ્થાન મળ્યું છે અને શોધકોની કદર થઇ છે. દિગંબરોમાં કાંઇક જાગ્રતિ થવા લાગી છે. તે કલકત્તામાં નીકળતું દીગંબર ત્રિમાસિક જૈન સિદ્ધાંત ભાસ્કર ઉપરથી જણાય છે. શ્રેણીક, સંપ્રતિ, અશોક, કે બીજા રાજાઓ જૈન હતા. તેવું તુલનાત્મક શકિતથી છાતી ઠોકીને કહેવાને આપણી પાસે સાધનો ઉપલબ્ધ કરાયા નથી. મને તો મારી શોધખોળને અંગે જણાયું છે કે જૈન સાધુઓએ માત્ર ધાર્મિક પુસ્તકો લખવામાં નહિ પણ તમામ વિષયો લખવામાં ફાળો આપ્યો છે. મારી શોધને અંગે પ્રથક પ્રથક પાનાઓમાંથી જે ઇતિહાસ મળ્યો છે, તે વિશેષ આગળ વિષયમાં નહિ ઉતરતાં જણાવું છું.

**श्री वीरात् ६० वर्षे नवनंद राज्यं.**
**श्री वीरात् २९१ वर्षे संप्रति राजा.**
**श्री वीरात् ४५३ वर्षे गर्ध तिल्लो छेदी कालिकाचार्य.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्री वीरात् ४७० वर्षे विक्रम राज्यं.
श्री वीर केवलात् १४ वर्षे जमाली करे माणेकरे ए वचननो लोपनहार.
श्री वीर केवलात् १६ वर्षे शिष्य तेणे छेलो जीव प्रदेशे जीव थाप्यो.
श्री वीर निर्वाणात् १२ वर्षे गौतम स्वामि मुक्ति.
श्री वीरात् २० वर्षे सुधर्मस्वामि मुक्ति.
श्री वीरात् ६४ वर्षे जंबुस्वामि मुक्ति.
श्री वीरात् ९८ वर्षे शय्यंभु हूवा.
श्री वीरात् १७० वर्षे श्री भद्रबाहुस्वामि थया.
श्री वीरात् २१४ वर्षे अव्यक्तवादि त्रीजो.
,, ,, २१५ वर्षे थुलिभद्र.
,, ,, २२० वर्षे शुन्यवादि चोथो.
,, ,, ३३४ वर्षे प्रथम कालिकाचार्य निगोद व्याख्यात् अवनि शिष्य परिहारक.
श्री वीरात् ४७० वर्षे विक्रमादित्य.
,, ,, ५८४ वर्षे वेरस्वामि स्वर्ग अने श्री गौष्टामाहिल नामे सातमो.
श्री वीरात् ६०९ वर्षे दिगंबरो.
,, ,, ८८२ वर्षे चैत्यवासी.
,, ,, ९८० वर्षे सिद्धांत पुस्तको लखाया वाचनानंतर.
श्री वीरात् ९९२ वर्षे पर्युषणा पांचमनी चोथ कालिकाचार्य आणा.
श्री वीरात् ९९४ वर्षे कालिकाचार्य थकी पर्युषण चोथे पाखी चौदसे चोमासो चउदसे कीधा.
श्री वीरात् १००० वर्षे पूर्व विच्छेद गया.
,, ,, १००८ वर्षे पुनमियो गच्छ थयो.
श्री वीरात् १६७० वर्षे खरतर गच्छनी समाचारी थपाणी.
श्री वीरात् १६८४ वर्षे आंचलीया.
,, ,, १७२० वर्षे आगमीया.
श्री विक्रमात् ४७० वर्षे विक्रमराज्यं.
,, ,, ४७७ वर्षे श्री वल्लभिनगरे शिलादित्य नृपोपधारात् श्री धनेश्वरसूरिणा श्री शत्रुंजय महात्म्यं संक्षेपे कृतं.
श्री विक्रमात् ४१२ वर्षे चैत्य–स्थिति.
,, ,, ४८५ वर्षे चातुर्दशीका निर्गता.
श्री विक्रमात् ५२३ वर्षे पर्युषणा कालिकाचार्याणां नीता.
श्री विक्रमात् ४८५ वर्षे हरिभद्रसूरि.
,, ,, ८०० वर्षे बप्पभट्टीसूरि.
,, ,, ८०२ वर्षे पट्टनं स्थापितं वनराज्येन.
श्री विक्रमात् १००८ वर्षे शालिस्थिति
,, ,, ९९८ वर्षे वडगच्छ स्थापना वटे ८४ पद दीधां.
श्री विक्रमात् १०८८ वर्षे विमलसूरि
,, ,, ११०९ वर्षे जीरापल्ली तीर्थ जात.
श्री विक्रम सं. ११९९ कुमारपाल राज्यं
,, ,, १२९८ वर्षे वस्तुपाल स्वर्गगामी.
विक्रम सं. १२७२ श्री बाहडदेमंत्रि श-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्रुंजयोद्धार कृतः.
विक्रम सं. ११९९ वर्षे मागसिर मासे कृष्णपक्षे रविवारे भरणी नक्षत्रे मध्याने राज्याभिशेक श्री कुमारपालस्य.

विक्रम सं. ११६६ हेमाचार्य पदस्थापना.
विक्रम सं. ११४९ कुमारपाल जन्म. सं. १२३० स्वर्ग.

# सूक्तरत्नावली.

(श्री विજयसेनसूरि विरचित.)

## स्वतंत्र–અનુવાદ.

(ગતાંક પૃષ્ટ ૩૨ થી શરૂ.)

नेशाः[1] कर्तुं वयं वाचां, गोचरं गुण गौरवम् ।
यत् सच्छिद्रोऽपि मुक्तौघः, कण्ठे लुठति यद्वशात् ॥ २८ ॥

ગુણનું ગૌરવ કેટલું છે તે અમે વાણીના વિષયમાં લાવી શકતા નથી. અર્થાત્ કહી શકતા નથી. જીવોને, મોતીઓનો સમૂહ છિદ્રવાળો થાય છે .છતાં પણ તે ગુણનેલઇને કંઠમાં હાર થઇ લટકે છે. એટલે છિદ્રવાલો માણસ પણ જો ગુણી હોય તો માન પામે છે. ૨૮

आत्मकृत्यकृते लोकैर्नीचोऽपि बहु मन्यते ।
धान्यानां रक्षणाद् रक्षा[2], यद्यत्नेन विधीयते ॥ २९ ॥

લોકો નીચ માણસને પણ પોતાના કામને માટે બહુમાન આપે છે. રક્ષા–રાખ ધાન્યના રક્ષણને માટે યત્નથી સંઘરવામાં આવે છે. ૨૯

सतां यत्रापदः प्रायः, पापानां तत्र संपदः ।
मुद्रिताक्षेषु लोकेषु, यद् घूकानां दृशः स्मिताः ३० ॥

પ્રાયઃ–જ્યારે સત્પુરૂષોને આપત્તિ આવે છે, ત્યારે પાપીઓને સંપતિ મલે છે. જ્યારે લોકોની દ્રષ્ટિઓ મીંચાઇ જાય છે, ત્યારે ઘુવડ પક્ષીઓની દ્રષ્ટિઓ ઉઘડે છે. ૩૦

मानितोऽप्यपकाराय, स्यादवश्यं दुराशयः ।
किं मूर्ध्नि स्नेहनाशाय, नारोपित(:)खलः खलु ? ॥ ३१ ॥

---

१ ईशाः समर्थाः । २ भस्म ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુષ્ટ હૃદયના માણુસને માન આપવામાં આવે તોપણુ તે અપકાર કરનારો થાયછે. મસ્તક ઉપર આરોપિત કરેલ માટી (ભુતડો) વાળના તેલને ધોઇ નાખેછે. ૩૧

**नोपैति विक्रतिं कामं, पराभूतोऽपि सज्जनः ।**
**यन्मर्दितोऽपि कर्पूरो, न दौर्गन्ध्यमुपेयिवान् ॥ ३२ ॥**

સજ્જનને હેરાન કર્યો હોય તોપણુ તેનામાં વિકાર ઉત્પન્ન થતો નથી. કપૂરનું મર્દન કર્યું હોયતો પણુ તેમાંથી દુર્ગંધ નીકળતી નથી. ૩૨

**विपत्तावपि माहात्म्यं, महतां भृशमेधते ।**
**सौरभं काकतुण्डस्य, किमु दाहेऽपि नाऽभवत् ? ॥ ३३ ॥**

મોટા માણુસોનું મહાત્મ્ય વિપત્તિમાં પણુ અત્યંત વધેછે. કાકતુંડ ( કપુર)ની સુગંધ તેને બાળવાથી પણુ શું ચાલી જાય છે ? ૩૩

**स्तोकोऽपि गुणिसंपर्कः, श्रेयसे भूयसे भवेत् ।**
**लवणेन किमल्पेन, स्वादु नान्नमजायत ? ॥ ३४ ॥**

ગુણુવાનનો સંપર્ક થોડો હોય તોપણુ તે વધારે શ્રેયસ્કર થાય છે. થોડા લુ- ણુથી પણુ શું સ્વાદિષ્ટ નથી થતું ? ૩૪

**भवन्ति परसंपत्तौ, पुण्यात्मानः सदाशयाः ।**
**नभोनैर्मल्यमालोक्य, शरद्यम्भोऽभवच्छुभम् ॥ ३५ ॥**

પુણ્યવાન પુરૂષો બીજાની સંપત્તિ જોઇને શુભ–આશયવાલા થાય છે. શરદ ઋતુમાં આકાશની નિર્મલતા દેખીને જલ પોતેજ નિર્મલ બની જાય છે. ૩૫

**पापात्मसङ्गमेऽपि स्यात्, ख्यातिरेव महात्मनाम् ।**
**चित्रेषु न्यस्ता शोभायै, किं रेखाऽजनि नाञ्जनी ? ॥३६॥**

પાપીયોના સંગમાં પણુ મહાત્માઓની તો વિખ્યાતીજ થાય છે, ચિત્રોમાં પૂરેલી કાજળની રેખા શું શોભા નથી આપતી ? ૩૬

**अन्यदेशगतिर्न्याय्या, महोहानौ मन (ह) स्विनाम् ।**
**न किं द्वीपान्तरं प्राप्तस्त्विषां नाशे त्विषांपतिः ? ।३७॥**

તેજસ્વીઓની અન્ય દેશમાં થયેલી ગતિ ન્યાયવાળી હોય છતાં તે તેજની હાની કરે છે, સૂર્ય દ્વીપાંતરમાં જાય છે, ત્યારે શું તેની કાંતિનો નાશ નથી થતો ? ૩૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



लघीयानपि वाल्लभ्यं, समेति समये सखे ! ।
आदेया भोजनप्रान्ते, शलाका तृणमय्यपि ॥ ३८ ॥

હે મિત્ર, સમય ઉપર હલકો માણસ પણ વ્હાલો લાગે છે, ભોજનને અંતકાળે ઘાસની સળી પણ ગ્રહણ કરવા યોગ્ય થાય છે. ૩૮

# વર્તમાન સમાચાર.

## આગમોદય સમિતિ.

**શ્રી જૈન આત્માનંદ સભાના અધિપતિ સાહેબ--ભાવનગર.**

વિનંતી કે નીચેની જાહેરખબર આપના તરફથી દર માસે પ્રગટ થતા આત્માનંદ પ્રકાશમાં છાપવા કૃપા કરશો.

શ્રી જૈન આગમોની વાચના હાલ પાટણ ચાલે છે. ત્યાં ઘણા મુની મહારાજોએ તે આગમવાચનાનો લાભ લે છે. તે કારતક શુદ ૧૫ ના લગભગ પૂરી થવાથી એક મહિનાની રજા પડવાથી ફરી બીજી આગમવાચના માગશર વદ ૧ ના લગભગથી વૈશાક શુદી ૧ સુધી ચાલશે. તો આ હવેની બીજી આગમવાચના અત્રે કરાવવા માટે અત્રેના શ્રી સંઘ તરફથી ભાઇઓ પાટણ મુકામે વિનંતી કરવા ગયેલા તો તે વિનંતિ અમારા ભાગ્યોદયથી સ્વીકાર કરવામાં આવી છે. માટે સર્વ મુનિ મહારાજાઓ પ્રત્યે અમો નમ્ર વિનંતી કરીએ છીએ કે આપ સાહેબો આપના સમુદાય સહિત આ તરફ શ્રી બીજી આગમવાચનાનો લાભ લેવા સારૂ વિહાર કરી માગશર વદી ૧ પહેલાં અત્રે પધારવા કૃપા કરશોજી એજ વિનંતી.

લી૦ પેઢીના વહીવટ કરનાર સેવકો.
**બાલાભાઇ દલસુખભાઇ.**
**પરી. રતનચંદ કુબેરદાસ.**
**શા. શંકરલાલ છગનલાલ.**

## પાસ થયા.

કપડવંજ નિવાસી બંધુ **વાડીલાલ શંકરલાલ** જૈની આ વર્ષે બી. એ. એલ. એલ. બી. ની પરિક્ષામાં પાસ થયા છે. આ શહેરમાં આ ઉંચી પરિક્ષા પસાર કરનાર પ્રથમ જ જૈન બંધુ છે. વળી જાણવા પ્રમાણે સંસ્કૃત ભાષાનું જ્ઞાન પણ સારૂં સંપાદન કર્યું છે. ધર્મ શ્રદ્ધાવાન છે. તેઓના પિતા શેઠ શંકરલાલ વીરચંદ કે જેઓ ધર્મ ઉપર સારી પ્રીતિ ધરાવે છે, તેઓનો આ વારસો પણ આ વિદ્વાન પુત્રે લીધો છે. અમો તેઓને મુબારકબાદી આપીયે છીયે. અને પોતાની વિદ્વતાનો લાભ જૈન કોમને ભવિષ્યમાં આપશે એવી સુચના કરીયે છીયે. **( મળેલું )**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## તેને સંગ્રહવાની અને પ્રકટ કરવાની આપણી ખાસ ફરજ.

( લેખક—મુનિરાજશ્રી જિનવિજયજી મહારાજ, પાટણ. )

આપણી પાસે ઐતિહાસિક સાહિત્ય અપરિચિત છે, પરંતુ તે બધું અવ્યવસ્થિત અને છુટું છુટું રહેલું છે, તેને સંકલિત અને એકત્ર કરવાની બહુ આવશ્યકતા છે. જૈન ધર્મનો પ્રાચિન ઇતિહાસ પોતાની ઉજ્વલ કીર્તિના પ્રતાપે જગત્‌ના ધાર્મિક ઇતિહાસોમાં પ્રથમાસને વીરાજે છે. જૈન ઇતિહાસ શાંત, સમુજ્જ્વળ અને પ્રેમપૂર્ણ છે. આપણે પોતાના એ પુરાણ ઇતિહાસને કેટલેક અંશે જાળવી રહ્યા છીએ તે આપણા સૌભાગ્યનું પ્રકર્ષ સૂચવે છે. ભારતના ઇતર ધાર્મિક ઇતિહાસો કરતાં આપણો ઇતિહાસ વધારે ઉપલબ્ધ છે. તેથી આપણે અભિમાન રાખવું ઉચિત છે. પરંતુ હજુસુધી આપણે એ પુરાણા ગૌરવને જગત્‌ની આગળ સુંદર રૂપમાં મુકી શકયા નથી, તે બીના આનંદ કરતાં વધારે ખેદકારક અને લજાવનારી છે. આપણું ઐતિહાસિક સાહિત્ય કેવળ આપણીજ મહત્તા વધારનારૂં છે એમ નથી, પરંતુ સંપૂર્ણ આર્યવૃત્તની શોભાને વધારનારૂં છે. સામાન્ય રીતે વિદેશી વિદ્વાનો ભારતીય વિદ્વાનો ઉપર, પોતાના જાતીય ઇતિહાસની ઉપેક્ષા કરવા માટે, દોષારોપણ કરતા આવ્યા છે. પરંતુ આપણા પૂર્વજોની સ્થિતિ તેવી નથી. તેમણે તો બીજા વિષયોની માફક આ વિષયને પણ થોડા ઘણા પ્રમાણમાં અવશ્ય પોષ્યો છે. તેમણે કેવળ સ્વધર્મનાજ ઇતિહાસની નહીં, પરંતુ રાષ્ટ્રીય અને ઇતર ધાર્મિક ઇતિહાસની પણ કેટલાક અંશમાં રક્ષા કરી છે. રાસમાળા અને રાજસ્થાન જેવા મહાન્ ગ્રંથો આ કથનમાં પ્રમાણ રૂપે છે અને એટલાં માટેજ કર્નલ ટોડ જેવા મહાન શોધકે “ જૈન ધર્મ સાથે સંબંધ ધરાવનારી જુદી જુદી ઐતિહાસિક નોંધોનું પરિશ્રમપૂર્વક જો અનવેષણ કરવામાં આવે તો ભારતના પુરાતન ઇતિહાસમાં જે મોટી ન્યુનતા જણાય છે તે ઘણા ભાગે દુર થઈ શકે તેમ છે. ” આવો ઉલ્લેખ કરી આપણા ગૌરવમાં વધારો કર્યો છે. હાલમાં જે થોડા સમય પહેલાં, હીસ્ટરી ઓફ઼ ઇન્ડીયાના કરતાં પ્રસિદ્ધ ઇતિહાસજ્ઞ મી૦ વીનસેન્ટ એ૦ સ્મીથ એમ૦ એ૦ “ મોડરન રીવ્યુ ” નામના માસીકમાં જૈનો માટે વિચારદર્શક એક લેખ લખીને જણાવે છે કે “ નહીં જાણવામાં આવેલા તથા નહીં શોધાયલા અને કીમતી સાહિત્ય અને જ્ઞાનથી ભરપૂર મોટા અને ઘણા ભંડારો જૈનોના કબ્જામાં છે અને તે સુરક્ષિત છે. તેમના પુસ્તકો મુખ્યત્વે કરીને ઇતિહાસિક અને અર્ધ ઇતિહાસિક વિષયોથી ભરપૂર છે. ” ઇત્યાદિ. પરંતુ આપણે એ વાત ભૂલી જવી નહીં જોઇએ કે આપણી પાસે પૂર્વાચાર્યોની પ્રસાદી છે તેથી કાંઇ આપણે મહાન્ કહેવડાવી શકીશું તેમ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ તે પ્રસાદીનો ઉચિત ઉપયોગ કરવાથીજ મહાન્ થઈ શકીશું. આપણી હાલની સ્થિતિ બહુજ ગંભીર અને શોચનીય છે. જગત્‌ની ઈતિર પ્રજાઓ કરતાં આપણે ઘણાજ પાછળ પડયા છીએ. આપણો ભૂતકાળ અતિ પ્રકાશમાન હોવા છતાં વર્ત્તમાન ગાઢ અંધકારયુકત છે, તેથી આપણને જગત્ જોઈ શકે કે ઓળખી શકે તેમ નથી. ભૂતકાળીન જ્યોતિનો પ્રકાશ વર્ત્તમાન ઉપર નાખવો જોઈએ અને એ પુરાણી ગૌરવને આગળ કરી જગત્ સન્મુખ આપણે ઉભા રહેવું જોઇએ. ધાર્મિક પ્રજાઓમાં આપણું જે ઉચિત આસન છે, તેને સંભાળવું જોઇએ. આપણા પ્રમાદ અને અજ્ઞાને આપણને ઘણાજ હલકા કરી દીધા છે. જગત્‌ની મહાન્ પ્રજાઓમાંથી આપણને બહાર હડસેલી કહાડી, એક ખુણામાં બેસાડી મુકયા છે. આપણે બીજાઓને દોષિત ઠરાવીએ છીએ અને કહીએ છીએ કે, અન્ય લોકો ઇર્ષાના લીધે જૈનો ઉપર જુઠાં કલંકો મુકે છે. પરંતુ ખરૂં કહીએ તો તેનું મૂળ કારણ આપણે પોતેજ હોવાથી અન્ય કોઈ ઉપાલંભને પાત્ર નથી. આપણે હજી સુધી એક પણ એવું પગલું નથી ભર્યું કે જેથી જગત્ આપણને યથાર્થ સ્વરૂપમાં સમજી શકે અને કદર કરી શકે.

આપણું સાહીત્ય અપાર છે. આપણો ઇતિહાસ પ્રભાવપુર્ણ છે, પરંતુ આપણે કર્તવ્યસુન્ય છીએ. આપણું સાહીત્ય ભંડારોમાં પડયું પડયું સડે છે. આપણો ઈતીહાસ ધુળના ઢગલાઓમાં દટાતો જાય છે અને આપણે અજ્ઞાનથી ઉંઘમાં પડયા પડયા ક્ષીણ થઇએ છીએ. આવી અવસ્થામાં જગત જે કાંઈ કહે તે બધું આપણા માટે યોગ્યજ છે. આપણામાં સંખ્યાબંધ ગ્રેજ્યુએટો ગણાય છે, પરંતુ એક કે બે સીવાય કોઇને પણ પોતાના ધરમ યા સમાજ માટે એક શબ્દ પણ બોલતાં કે લખતાં સાંભળ્યો છે? ખરેખર આપણી વર્તમાન સ્થીતિ બહુજ ગંભીર છે, શોચનીય છે અને ભયભરેલી છે. કોમના ભવિષ્ય માટે બહુ વીચાર કરવાની જરૂર છે. કાળની ગતિ બહુ ગહન અને વિચિત્ર હોય છે. એના પ્રતાપે અનેક જાતીઓ અને અનેક ધર્મો પૃથ્વીની સપાટી ઉપરથી જડ મુળથી ઉખડી ગયા છે. સમયના સ્વરૂપને જો નહી ઓળખવામાં આવે અને પરિસ્થિતિ પ્રમાણે નહી વર્તવામાં આવે તો કોણ જાણે આપણું ભવિષ્ય પણ કેવી રૂપમાં પરીણત થશે. આપણા પ્રતાપનો તેજસ્વી સુર્ય પૃથ્વીના મસ્તક ઉપર તપતો તપતો આજે તે અસ્તાચળના શીખર ઉપર આવીને ઉભો રહ્યો છે. જો આપણામાં સામર્થ્ય હોય તો તેની ગતિનો વેગ વાળવો જોઈએ, નહીંતો તે અસ્ત થશે અને પરીણામે સર્વત્ર અંધકાર પથરાશે.

પ્રારંભમાં કહેવામાં આવ્યું છે કે, આપણી પાસે ઇતીહાસિક સાહીત્ય ઘણું છે, પરંતુ હજી સુધી તેનું સંકલન થયું નથી; એક પણ માર્ગદર્શક જૈન ઈતીહાસ હજીસુધી લખાયો નથી. જ્યાંસુધી પ્રમાણીક જૈન ઈતીહાસ નહી લખાય અને જ્યાં સુધી આપણું સાહીત્ય યોગ્ય આકારમાં પ્રગટ નહી થાય ત્યાં સુધી આપણા ઉપર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક આક્ષેપો અને કટાક્ષો થયાજ કરવાના તેમને કોઈપણ રોકી શકવાનું નથી. માટે એક વિસ્તૃત અને સર્વમાન્ય જઇન ઇતિહાસ લખવાની પૂર્ણ આવશ્યકતા છે. આપણો જુનો ઈતીહાસ બહુજ અસ્તોવ્યસ્ત છે તેમાં અનેક શંકા સ્થાનો રહેલાં છે, અનેક આચાર્યોના સમય પરત્વે વાદવિવાદને અવકાશ રહેલો છે. અનેક રાજાઓના અસ્તિત્વ માટે ઘણા સંદેહો ઉભા થાય છે. ખુદ શ્રી મહાવીર ભગવાન શ્રી મહાવીરના સમય માટે પણ વિદ્વાનો અનેક વિતર્કો કરે છે, તેમના ભક્તો માટે સંદિગ્ધતા સુચવવામાં આવે છે. જૈન ધર્મની અતિ પ્રાચીનતાને કલ્પિત કહેવામાં આવે છે. તેના સાહીત્યને વૈદિક સાહીત્યનોજ કાંઇકિ અંશ બતાવવામાં આવે છે. કુમારપાળ જેવા ઉત્કૃષ્ટ જૈન રાજાને માટે પણ હજીસુધી ઉલ્લેખ કરવામાં આવે છે કે તે પરમાર્હત નહી પરંતુ "પરમ માહેશ્વર" હતો. આવી રીતે ઘણી ઘણી બાબતો હજી આપણે વીચારવાની અને સિદ્ધ કરવાની છે. એ સીવાય બીજી હજારો બાબતો અંધકારમાં છુપાયેલી છે, તેમનાં અસ્તિત્વની પણ કોઇને ખબર નથી જેમને પ્રકાશમાં લાવવાની પુરેપુરી આવશ્યકતા છે.

મી૦ વીનસેંટ એ૦ સ્મીથ એમ. એ. એ કલકત્તાના ઇંગ્રેજી માસિક "મોડર્નરીવ્યુ" ના એપ્રીલ ૧૯૧૫ ના અંકમાં 'પુરાણી વસ્તુઓની શોધખોળ અને જૈનોની ફરજ' એ મથાળા નીચે એક વીચારણીય લેખ લખ્યો છે અને જૈનોએ પોતાના જુના ઇતિહાસનું શી રીતે સંરક્ષણ અને પ્રકાશન કરવું તેના માટે બહુ લાગણીભર્યાં શબ્દોમાં ઉપાયો સૂચવ્યા છે, તે દરેક જૈને વાંચવું અને વિચારવું જોઇએ. એક વિદેશી અને વીધર્મી વિદ્વાનને જૈન ઇતિહાસ માટે કેટલીબધી તીવ્ર લાગણી છે તે લેખ વાંચવાથી જણાશે અને સાથે આપણી અજ્ઞાનતા અને મુર્ખતાનો પણ કાંઇક ખ્યાલ આવશે.

આપણું ઇતિહાસિક સાહિત્ય વિવિધ રૂપમાં અને જુદાં જુદાં સ્થળોમાં વેરાયેલું છે. આપણી અજ્ઞાનતાથી કહો કે પછી બેદરકારીથી કહો પરંતુ તે દિવસે દિવસે નષ્ટ થતું જાય છે. તેનાં સંરક્ષણ અને ઉદ્ધરણ કરવા માટે ખાસ પ્રયત્ન કરવાની જરૂર છે. ગવર્નમેંટ તરફથી તેવો પ્રયત્ન થાય છે, પરંતુ તે અલ્પ પ્રમાણમાં અને અમુક વસ્તુ માટેજ હોવાથી બાકીનાં અગણીત સાધનો આમનાં આમ નષ્ટભ્રષ્ટ થતાં જાય છે. એ બધાં સાધનો એકત્ર સંગ્રહવાં જોઇએ. લેખો વગેરે ભેગાં કરી ટીકા ટીપણ સાથે પ્રકટ કરવા જોઇએ. ખાસ વસ્તુઓના ફોટાઓ લેવરાવી સુંદર રૂપમાં જનસમુહ સન્મુખ રજુ કરવાં જોઇએ. આમ થશે તોજ વીદ્વાનોનું લક્ષ્ય તે તરફ ખેંચાશે અને તે વિષયમાં તેમના પ્રમાણિક વિચારો યા વીવેચનો જનસમુહને જોવા વાંચવા મળશે.

ઇતિહાસીક સાહિત્ય મુખ્ય રીતે પુસ્તક અને પ્રતિમા સાથે સંબંધ ધરાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુસ્તકોમાં, ઇતિહાસિક, ચરિત્રાત્મક અને ઉપદેશક ગ્રંથો સિવાય ધાર્મીક, તાત્વિક અને સાહિત્ય વિષયક ગ્રંથો પણ આવી જાય છે. મતલબ કે આપણા સાહિત્યનાં દરેક પુસ્તકોમાંથી થોડીઘણી ઇતિહાસીક નોંધ પ્રાયઃ કરીને અવશ્ય મળી આવે છે. આપણા પુર્વાચાર્યોમાં પાછળથી આ એક પ્રશંસનીય પ્રથા શરૂ થઈ હતી કે તેઓ પોતાની પવિત્ર કૃતિઓની અંતે પોતાની ગુરૂપરંપરા અને સમય સ્થાનાદિનો પરિચય આપવા માટે નાની મોટી પ્રશસ્તિઓ અવશ્ય લખતા. સેંકડો ગ્રંથની પાછળ આવી પ્રશસ્તિઓ લખેલી છે કે જેમના સંગ્રહ અને પ્રકાશ નથી. ઘણીક બાબતો પ્રકાશમાં આવે તેમ છે. આવીજ જાતની પરંતુ જુદાજ પ્રકારની પ્રશસ્તિઓનો મોટો જથ્થો પણ જુના ભંડારોના પુસ્તકોમાંથી મળી આવે છે કે જે તે પુસ્તક લખાવનારા શ્રાવકોના વંશ અને સુકૃતિયોનાં વર્ણન કરવાવાળી હોય છે. જે જે ભાગ્યશાળી શ્રાવકો પોતાના દ્રવ્યનો પુસ્તકોદ્ધાર માટે વિશેષ વ્યય કરતા તેમના પરિવારનું અને તેમના કરેલા સુકાર્યોના વર્ણનવાળી એક નાની મોટી પ્રશસ્તિ તેમનાં લખાવેલાં દરેક પુસ્તકની પાછળ લખવામાં આવતી. તેની અંદર તે ગ્રહસ્થ સિવાય જે આચાર્યાદિના ઉપદેશથી તે કાર્ય થતું. તેમનો પણ પરિચય આપવામાં આવેલો હોય છે. આવી પ્રશસ્તિઓ પાટણ, ખંભાત, અમદાવાદ, આદી આદી જે જે ઠેકાણે મોટા મોટા ભંડારો છે, તેમાંથી ઘણી મળી આવે તેમ છે. સાધુઓ પાસેના પુસ્તકસંગ્રહોમાં પણ કોઇ કોઇ પુસ્તકની પાછળ આવી પ્રશસ્તિઓ જોવામાં આવી છે એ પ્રશસ્તિઓ પણ અલ્પ મહત્વવાળી હોતી નથી. ભુતકાલીન જૈન કોમની જાહોજલાલીનો ચીતાર આ પ્રશસ્તિઓ ઘણીજ સુંદર રીતે પુરો પાડે છે. સાધુ કે યતિઓના હાથનાં લખેલાં પુસ્તકોની પાછળ પણ તેમના ગુરૂવાદીનાં નામો વીગેરે લખેલાં હોય છે. આગળના સમયમાં આચાર્યો ( શ્રી પુજ્યો ) ઉપાધ્યાયો, પન્યાસો વીગેરે પ્રસિદ્ધ સાધુ યતિઓ ઉપર તેમના પરિચિત ગામોના શ્રાવક વર્ગ તથા સંઘના આગેવાનો તરફથી પર્યુષણ પર્વારાધન અને સંવત્સરી ક્ષમાપનાની મોટી મોટી વિજ્ઞપ્તિઓ ( કંકોત્રીઓ ) જતી હતી, તેમની અંદર તત્કાલીન ઘણી ઘણી ઇતીહાસીક હકીકતો લખવામાં આવતી. આવી વિજ્ઞપ્તિઓ ઘણા ઠેકાણેથી મળી આવે છે. કેટલાક અણસમજુ માણસો તેમને નકામી જાણી કચરાની ટોપલીમાં નાંખી દે છે. તેમને સંગ્રહવાની અને પ્રકટ કરવાની જરૂર છે. સાધુ અને શ્રાવકોના પરસ્પર લખેલા જુના કાગળો પણ ભંડારોના ટુટક છુટાં પાનાં ભેગાં મળી આવે છે અને ઘણી વખતે રદ્દી ભેગાં પણ નાખી દીધેલાં હોય છે. પરંતુ તેવા પત્રો વળી ઘણા ઉપયોગી અને મહત્વના હોય છે તો તેમને પણ લક્ષ્યપુર્વક શોધી કહાડી સંરક્ષિત રાખવાં જોઇએ. પ્રાચીન જૈન ઇતિહાસનાં આ બધાં સાધનો મુખ્ય અવયવો જેવાં છે. આ સાધનો ઉપર જ આપણા મહાન ઈતિહાસનો પાયો ચણાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિમા સાથે સંબંધ ધરાવનારા સાહીત્યમાં મંદીરોના શીલાલેખો, પ્રતિમાઓની નીચેના સીંહાસન ઉપરના લેખો, કાયોત્સર્ગસ્થ યા પદ્માસનસ્થ પ્રતિમાની નીચેની પાટલીઓ ઉપરના લેખો, ધાતુની પ્રતિમાની પાછળના લેખો, મંદીર કરાવનાર શ્રાવક શ્રાવીકાની યક્ષાદિની મુરતીના લેખો, આચાર્યાદિની પ્રતિમા તથા પાદુકા ઉપરના લેખો, મંદીરોના ઘંટ વીગેરે વસ્તુઓ ઉપરના લેખો ઇત્યાદિ બધી જાતના લેખોનો સમાવેશ થાય છે. આ લેખ ભંડોલ જ્યાં જ્યાં જૈન મંદીર છે, ત્યાં ત્યાં દરેક ઠેકાણે થોડાઘણા પ્રમાણમાં અવશ્ય રહેલું છે. આપણી અજ્ઞાનતાથી એ વિશાળ સંગ્રહ દિવસે દિવસે નષ્ટ થતું જાય છે. ઘણા ઠેકાણેના શીલાલેખો ઉપર ચુનો કે સીમેંટ ચોંટાડી દીધેલાં જોવામાં આવે છે. કેટલેક ઠેકાણે જુના મંદીરોના જીર્ણોદ્ધાર કરાવતાં જુના શીલાલેખોને કહાડી નાખી બાજુએ મુકી દીધેલા તથા ભાંગી નાંખેલા પણ જોવામાં આવ્યા છે. પ્રતિમાઓના લેખોની પણ આવીજ દુર્દશા કરવામાં આવે છે. આગળની જુની પ્રતિમાઓની આજુબાજુ પરિકરો અવશ્ય બનાવવામાં આવતા હતા. પરિકર વગરની પ્રતિમા પુજાતી નહોતી. એ પરિકરો ઉપર પ્રાયઃ કરીને અવશ્ય લેખો લખેલા હોય છે. આજકાલ લોકોએ આવા પરિકરોને કહાડી નાખવા માંડ્યા છે જે બહુજ નુકસાનકર્તા છે. બે વર્ષ પહેલાં અમે ભોયણીની યાત્રા કરી સંખેશ્વર જતા હતા. રસ્તામાં રાંતેજ અને સંખલપુર વીગેરે જુનાં ગામો આવ્યાં. રાંતેજનું મંદીર જુનું અને મોટું છે. મુળ મંદીરને ફરતી નાની નાની દેવકુલિકાઓ (દહેરીઓ) છે. તેમની અંદર ફક્ત એકલી પ્રતિમાઓજ બીરાજમાન જોઇ પરિકરના સબંધમાં પુજારીને પુછતાં તેણે એક ભોંયરૂં બતાવ્યું કે જેની અંદર સંખ્યાબંધ પરિકરો, કાઉસગ્ગીઆઓ અને પવાસણો આડાઅવળા પડ્યાં હતાં, તેમના ઉપર પુષ્કળ ધુળ પડેલી હતી અને તેના લીધે કેટલુંક કોતરકામ દટાઇ ગયું હતું. ધ્યાનપુર્વક જોયું તો દરેક પવાસણો ઉપર લેખો નજરે આવ્યા. લેખો ઘણા જુના અને મહત્વના હતા. બધા ૧૨ મી સદીના અને તેના પહેલાના હતા, ઘણામાં આચાર્યોનાં નવાં નામો જોવામાં આવ્યાં. આવી અમુલ્ય સામગ્રીની દુર્દશા જોઇ મનમાં બહુ ખેદ થયો. પુજારીને તેમાંથી એક કાઉસગીયાને બાહેર લાવવાનું કહેવામાં આવતાં તે બધા ઉપર પગ મુકીને ઉભો થયો. એકને હલાવવા જતાં બેચાર ગબડી પડવા લાગ્યા. પુજારીને યત્નાપુર્વક લેવાનું કહેતાં કહેવામાં આવ્યું કે આવા તો ઘણાએ લેતાં મેલતાં ભાંગી ગયા છે અને ભાંગેલા પથરો ભેગા નાંખી દીધા છે. અફસોસ આનાથી વધારે શી અવજ્ઞા થવાની હતી ? આવીજ દશા સંખલપુરમાં પણ જોવામાં આવી. ત્યાં જીર્ણ મંદીર ઉખેડી નાખી નવું બાંધવામાં આવ્યું છે. પ્રતિમાઓ વિશાળ અને ઘણી ભવ્ય છે. શ્રાવકોને પરિકર અને પવાસણ વીષે પુછતાં જવાબ મળ્યો કે પૂજામાં બરાબર પહોંચી નહી વળવાને લીધે તેમજ મહેનત બહુ પડતી હોવાથી પરિકરો વીગેરે બધા કહાડી નાખી એક ઓરડામાં ભરી મૂક્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓરડામાં જઇને પરિકરો જોયા તો તેમની પણ શંતેજ જેવી સ્થિતિ જોઈ. બધા ઉજળાં આરસનાં બનેલાં અને બહુજ સુક્ષ્મ કોતરકાંમથી ભરેલાં હતાં. પવાસણો ઉપર જુદા જુદા આચાર્યોના લેખો કોતરેલા હતા. બધાનું અવલોકન કરતાં જણાયું કે "૧૪ મી સદીના પુરવારધમાં શાન્તિનાથ મહા ચૈત્યનો પ્રતિષ્ઠા મહોત્સવ ઘણા સમારોહથી કરવામાં આવ્યો હતો. અને એકંદર ૪-૫ ગચ્છના આચાર્યો ભેગા થઇ એ ચૈત્યની પ્રતિષ્ઠા કરી હતી. ઇત્યાદિ." આ તો ઉદાહરણરૂપે નામો લખવામાં આવ્યા છે, પરંતુ આવી સ્થિતિ તોઘણે ઘણે ઠેકાણે જોવામાં આવી છે. આ પ્રમાણે આપણું પ્રાચીન સર્વસ્વ આપણા હાથેજ નષ્ટ થતું જાય છે. આવી ને આવી સ્થિતિ જો ચાલુ રહી, તો ભવિષ્યમાં આપણને બહુ સોસવું પડશે. એક તરફથી જ્યારે આપણે લોકપ્રતિષ્ઠાથી ચ્યુત થતા જઇએ છીએ, આપણાં તીર્થો ઉપર બીજાઓનું સતત્ દબાણ ચાલુ રહે છે અને પરસપરના અર્થ વગરના કલેષોથી સંઘ શક્તિ ક્ષીણ થતી જાય છે. ત્યારે બીજી બાજુ આમ ગુપ્ત રીતે આપણું મુળજ ખરતું જાય છે. પાયોજ સડતો જાય છે. કોનફરન્સે અનેક વખતે આ વિષયના ઠરાવો કાગળીઆંઓ ઉપર છાપી બાહેર પાડ્યા છે, પરંતુ હજી સુધી એક પણ આવા લેખને કે એક પણ પુરાણી વસ્તુને જાળવવાની કોશેષ કરવામાં આવી નથી.

કોમના આગેવાનોએ આ બાબત ઊપર ખાસ લક્ષ આપવું જોઇએ. કોમના ભવિષ્યની તેમના માથે મોટી જવાબદારી ઊભી રહેલી છે. જો તેઓ આ વિષય ઉપર ધ્યાન નહી આપશે અને દુર્લક્ષજ રાખશે, તો ભાવી જૈન પ્રજાની દ્રષ્ટિમાં તેઓ કર્તવ્યહીનજ નહી પરંતુ ધર્મપતિત પણ ગણાશે. તેમની સંતતિ તેમના માટે બહુ હલકો મત બાંધશે. માટે આ વાત ઉપર તેમણે ખાસ વીચાર કરવાની આવશ્યકતા છે. ઉપલબ્ધ્ય થઇ શકાતું બધું ઇતિહાસિક સાહીત્યને સંગ્રહ કરવાની સાચવવાની અને પ્રગટ કરવાની આવશ્યકતા છે. તીર્થોની પ્રાચીનતા અને સ્વામીતાનો સ્વાલ આપણી આગળ દીનને રાત ઉભો રહે છે. આ સવાલનો નિકાલ ઇતીહાસિક સાહીત્ય ઉપરજ અવલંબીને રહેલો છે. જો આપણી પાસે તેમના ઇતીહાસિક પુરાવાઓ મજબુત હશે, તો આપણે આપણી વસ્તુઓના હક્કો જાળવી શકીશું, નહી તો કરોડો અને અબજોનો માલ બીજાઓને સ્વાધીન કરવો પડશે. આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સાધુઓ ઉપર કાગળો ઉપર કાગળો મોકલવામાં આવે છે અને તિર્થોની પ્રાચીનતા અને સ્વામીતાના પુરાવાઓ માંગવામાં આવે છે, પરંતુ પેઢીનું જે મુખ્ય કર્ત્તવ્ય છે તેનો તેને ખ્યાલ પણ નથી. લાખો રૂપીઆ બીજા આડાઅવળા કાર્યોમાં ખર્ચવામાં આવે છે, પરંતુ તિર્થોની મહત્તા, પ્રાચીનતા અને સ્વામીતાને સિદ્ધ કરનાર જે ઇતિહાસિક સાહિત્ય છે તેના સામું પણ જોવામાં આવતું નથી. પેઢીનું પરમ કર્ત્તવ્ય તિર્થોની રક્ષા કરવાનું છે. તેમની પ્રાચીનતા અને મહત્તા જાળવવાનું છે. એ પ્રાચીનતા અને મહત્તા કેવળ ઇતિહાસની પુષ્ટિથીજ જાળવી શકાશે. ઇતિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાસની પુષ્ટિ ત્યારેજ થઇ શકશે કે જ્યારે તેના છુટાછવાયા સર્વે અવયવોને એકત્ર કરવામાં આવશે અને યોગ્ય આકારમાં જનસમુહ આગળ મુકવામાં આવશે. એ કાર્ય માટે તેણે સત્વર પ્રયત્ન કરવો જોઇએ. જે જે ઠેકાણેથી એ સાહિત્ય ઉપલબ્ધ થઇ શકે તે તે ઠેકાણેથી દરેક પ્રકારના પ્રયત્નો કરી તેને પ્રાપ્ત કરવા જોઇએ. જેટલી ઢીલ અને આંખઆડા કાન કરવામાં આવશે તેટલુંજ વધારે નુકસાન કોમને ખમવું પડશે.

આવી શોધ કરતાં દરમ્યાન જ્યાં કાંઈ ખંડીત યા નિરૂપયોગી પ્રતિમા, પવાસણ, પરિકર આદિ વસ્તુ મળી આવે તે દરેકને કોઈ એક સારા ઠેકાણે મ્યુઝીઅમ કે પદાર્થ સંગ્રહાલય જેવાં સુરક્ષિત સ્થાનમાં પ્રયત્ન પૂર્વક રાખવી જોઇએ. ગવર્મેન્ટનાં શોધખોળ ખાતાં જેવી અન્ય સંસ્થા પણ જ્યારે પુષ્કળ ખર્ચ કરી આવી ચીજોને કોઈ પણ પ્રકારનો સીધો સ્વાર્થ ન હોવા છતાં. સાચવી રાખવાનું મહાભારત પ્રયત્ન કરે છે ત્યારે આપણે પોતાની વસ્તુઓને પણ સામગ્રી છતાં સાચવી કે સંગ્રહી શકતા નથી એ આપણા માટે કેટલી બધી શરમ ભરેલી વાત ગણાય ?

આ બધી હકીકત આક્ષેપના કે કટાક્ષના રૂપમાં લખવામાં આવી નથી પરંતુ આપણી શોચનીય સ્થિતિના વિષય પરિણામને અવલોકીને સાવધાન કરવાના આશયથી લખવામાં આવી છે.

અંતે એક નમ્ર સૂચના મુનિઓ પ્રતિ પણ ખાસ વિનયભાવથી કરી આ લેખને વિશ્રામ આપવામાં આવશે. મુનિઓ દરેક પ્રદેશમાં વિચરે છે. નાનાં મોટાં બધાં ગામો તેમના અવલોકવામાં આવે છે. દરેક તિર્થસ્થાનની અને મંદિરની તેઓ યાત્રા કરે છે. આવી સ્થિતિમાં દરેક ઠેકાણેની નવી જુની વસ્તુઓ તેમના દ્રષ્ટિપથમાં આવી શકે છે. જો તેઓ થોડીઘણી ઇતિહાસિક માહિતી ધરાવનારા અને ઇતિહાસ તરફ પ્રીતિ રાખનારા હોય તો બધા કરતાં તેઓ આ વિષયમાં ઘણું અજવાળું પાડી શકે. જૈન ઇતિહાસની મોટી પુરતી તેઓ કરી શકે છે. તેમના માટે એ કાર્ય મુશ્કેલી ભર્યું કે પરિશ્રમ આપનારૂં નથી. તેમણે કરવાનું ફકત એટલુંજ છે કે તેઓએ પોતાના વિહાર દરમ્યાન જે જે ગામો આવે તે તે દરેક ગામના મંદિરોનું ધ્યાનપૂર્વક નિરિક્ષણ કરી જ્યાં કાંઇ પણ લેખ વિગેરે જુની વસ્તુ જોવામાં આવે તેની નોંધ કરી લેવી જોઇએ. પ્રતિમાઓ વિગેરે ઉપરના લેખો પણ વિગતવાર લખી લેવા જોઇએ અને એ સિવાય જે કાંઈ ખંડીત મૂર્તિ, પરિકર વીગેરે હોય તો તેની પણ નોંધ કરી લેવી જોઈએ. આવી રીતે ભેગી કરેલી નોંધોને થોડા થોડા સમય પછી કોઈ માસિક યા વર્તમાન પત્રમાં છપાવી દેવી જોઈએ, કે જેનાથી તે વિષયના લખનારા લેખકોને પોતાના લેખોમાં ઘણી ઘણી સહાયતા મળી શકે. આવી રીતે અલ્પ પરીશ્રમે અને વગર ખરચે બહુ કાર્ય થઈ શકશે. ઘણીખરી ઇતિહાસિક સામગ્રી એકત્ર થઇ શકશે અને અનેક બાબતો ઉપર નવીન પ્રકાશ પાડી શકાશે. આમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વયસ્તરૂપે પ્રકાશિત થયેલી સામગ્રી ઉપરથી પણ ભવિષ્યમાં કોઈ ભાગ્યશાળી અને શાસનરસિક પુરૂષ પ્રમાણિક અને વીસ્તૃત જૈન ઇતિહાસ લખવા સમર્થ થઈ શકશે. કેમકે—

" कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वीं.

# મનુષ્યને શાથી હાર ખાવી પડે છે?

( લેખક કચ્છ નિવાસી શાયલા દામજી ત્રીકમજી. )

(૧) ચડતી પડતી સર્વ માથે આવ્યા કરે છે. ચાર દહાડા સુખનાં ત્હો ચાર દહાડા દુઃખના. સુખ સમયમાં છલકાતાં અને દુઃખ સમયમાં ધિરજ હારતાં જ મનુષ્યને હાર ખાવી પડે છે.

(૨) કહેવત છે કે, ઉતાવળીઓ માણસ તેર વખત પાછો ફરે, જેવું સબુરીથી કાર્ય સાધી શકાય છે. ત્હેવું ઉતાવળે સાધી શકાતું નથી. ઉતાવળે આંબા પાકતા નથી, એ એ ઉપરીથીજ કહેવાયું છે. અને તેથીજ સબુરીના અભાવે મનુષ્યને હાર ખાવી પડે છે.

(૩) જ્યારે ત્હમે કોઇપણ કાર્યમાં ફતેહ ન પામો. ત્યારે નશીબના વાંક કાઢતા નહિ કારણકે વાંક ત્હમારા પ્રયત્નમાં રહેલી કચાશનોજ છે. નીશ્ચય માનજો કે પૂરતા પ્રયત્નના અભાવેજ મનુષ્યને હાર ખાવી પડે છે.

(૪) કોઇપણ કાર્ય આદર્યા પહેલાં " આ કાર્ય મ્હારાથી થશે કે કેમ " ? અગર " આરંભયલાં કામ હવે પૂર્ણ થશે કે કયમ " ? એવી નમાલી દલિલો ઉદ્ભવતા મનોવૃતિના નબળા મનુષ્યને હાર ખાવી પડે છે.

# ગ્રંથાવલોકન.

## વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ.

ઉપરનો ગ્રંથ અભિપ્રાય અર્થે અમોને ભેટ મળેલો છે. આ ગ્રંથના લેખક ઉપાધ્યાયજી મહારાજશ્રી વીરવિજયજી મહારાજના શિષ્ય મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજ છે. અનેક ગ્રંથોનું દોહન કરી અનેક વિષયોનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલો હોવાથી જૈન તેમજ જૈનેતર સર્વને વાંચવા યોગ્ય છે. ગુજરાતી ભાષાના સાહિત્ય ક્ષેત્રમાં આવા એક ગ્રંથનો વધારો થયો છે તે જાણી આનંદ પામવા જેવું છે. મુનિમહારાજાઓનો આવો પ્રયાસ જનસમાજને ઉપયોગિ થઈ પડે તે સ્વાભાવિક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમાં છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ " સત્તરીસય ઠાણુ સટીક " | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી, |
| ૨ " સિદ્ધ પ્રાભૃત સટીક " | પ્રાંતિજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીના સ્મરણાર્થે હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી |
| ૩ " " રત્નશેખરી કથા. " | શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઈ પાટણવાળા તરફથી. |
| ૪ " દાનપ્રદીપ " | શા. મુળજી ધરમશી તથા દુલભજી ધરમશી પોરબંદરવાળા તરફથી. |
| ૫ " મહાવીર ચરિત્ર " શ્રી નેમીચંદ્રસૂરી કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ " સંબોધ સિત્તરી સટીક " | શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી. |
| ૭ " ષટ્સ્થાન પ્ર—સટીક " | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઈ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી. |
| ૮ " ચૈત્યવંદન મહાભાષ્ય " | શા. ફુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી. |
| ૯ " સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા" | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તરફથી. |
| ૧૦ " ષડાવશ્યક વૃત્તિ નમિસા કૃત" | શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા તરફથી. |
| ૧૧ " પેથડ ઝાંઝણ પ્રબંધ"(સૂકૃતસાગર) | શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા તરફથી. |
| ૧૨ " પ્રતિક્રમણ ગર્ભ હેતુ." | શા. મનસુખભાઈ લલ્લુભાઈ પેથાપુરવાળા તરફથી. |
| ૧૩ " સંસ્તારક પ્રકીર્ણ સટીક " | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી. |
| ૧૪ " શ્રાવકધર્મ વિધિ પ્રકરણસટીક" | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા તરફથી. |
| ૧૫ " પ્રાચીન ચારકર્મ ગ્રંથ ટીકા સાથે" | શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી. |
| ૧૬ " ધર્મ પરિક્ષા શ્રી જિનમંડન ગણીકૃત" | બે શ્રાવિકાઓ તરફથી. |
| ૧૭ " સમાચારી સટીક શ્રીમદ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત." | શા. લલુભાઈ ખુબચંદની વિધવા બેન મેનાબાઇ પાટણવાળા તરફથી |
| ૧૮ " પંચ નિગ્રંથી સાવચૂરિ " | ૧૯ " પર્યંત આરાધના સાવચૂરિ " |
| ૨૦ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ " | |
| ૨૧ " બંધોદય સત્તા પ્રકરણ સાવચુરિ " | |
| ૨૨ " પંચ સંગ્રહ " | શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી. |
| ૨૩ " શ્રાદ્ધ વિધિ " | શેઠ જીવણભાઇ જેચંદ ગોધાવાળા. |
| ૨૪ ' ષડ્દર્શન સમુચ્ચય ' | " " " |
| ૨૫ ' શ્રી ઉત્તરાધ્યયનં સૂત્ર ' શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. | બાબુ સાહેબ ચુનીલાલ પન્નાલાલજી મુંબઇવાળા તરફથી. |
| ૨૬ ' બૃહત સંઘયણી શ્રી જિનભદ્રગણી ક્ષમા શ્રમણ કૃત.' | એક સભા તરફથી. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨૭ ' કુમારપાળ મહાકાવ્ય ' શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઈ ચંદન પાટણવાળા તરફથી.

૨૮ ' ક્ષેત્ર સમાસટીકા ' શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.

૨૯ ' કુવલય માલા (સંસ્કૃત) '

૩૦ ' વિજયચંદ્ર કેવળી ચરિત્ર ' પાટણ નિવાસી બાઇ રૂક્ષ્મણી તરફથી.

૩૧ ' વિજ્ઞપ્તિ ત્રિવેણી ' ( અપૂર્વ ઇતિહાસીક ગ્રંથ )

---

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૩૨ ' શ્રાદ્ધગુણ વિવરણ ' (ભાષાંતર) વોરા હઠીસંગભાઇ ઝવેરચંદ ભાવનગરવાળા તરફથી.

---

"શ્રીમદ્ હંસવિજયજી મહારાજ વિરચિત"

## "हंसविनोद."

**છપાય છે.** **( આવૃત્તિ ૫ મી. )** **છપાય છે.**

સદરહુ ગ્રંથની સુધારા વધારા સાથે પાંચમી આવૃતિ શ્રી નિર્ણયસાગર પ્રેસમાં બહુજ સુંદર ટાઈપથી છપાય છે. બાઈંડીંગ પણ તેવુંજ સુંદર થશે. ઘણીજ ટુંક મુદતમાં બહાર પડવાની છે. સદરહુ ગ્રંથમાં ધર્મ—નીતિ અને ભક્તિભાવના પ્રદિપ્ત કરનારા સારગ્રાહી સમદર્શી સર્વ જનોને વાંચવા યોગ્ય સ્તવનો, સજ્ઝાયો અને બોધદાયક પદો આવેલા છે. જેમાં પ્રથમની આવૃત્તિઓ કરતાં ત્રીશથી ચાલીશ સ્તવનનો વધારો કરવામાં આવેલો છે. ભાષા ઘણીજ સરલ, સાદી અને અલંકાર યુક્ત વાપરવામાં આવેલ છે; સાથે રાગો પણ રસિક મુકવામાં આવેલા છે. પ્રમાણમાં કિંમત ઘણીજ ઓછી, એટલે માત્ર ૦—૧૨—૦ રાખવામાં આવેલ છે. પુસ્તકનો નફો નીચે જણાવેલ લાઇબ્રેરી—પુસ્તકાલય ખાતામાં જવાનો છે. દરેક જૈન બંધુઓએ ગ્રાહક થઈ સહાય આપવાની જરૂર છે. લખો નીચેના શરનામે—

લુણસાવાડે } **શા. જેસંગભાઇ છોટાલાલ સુતરીયા**
મોટીપોળ. } **શા. મોહનલાલ છોટાલાલ પાલખીવાળા**

**સેક્રેટરીઓ**

**શ્રીમદ્ હંસવિજયજી જૈન લાયબ્રેરી—અમદાવાદ.**

---

**તૈયાર છે** **જલદી મંગાવો !**

## "स्नात्र पूजा."

મહોપકારી જગદ્ વિખ્યાત શ્રીમદ્ વિજયાનંદ સૂરિશ્વરજી કૃત સ્નાત્ર પૂજા કે જેને માટે વધારે લખવું તે સોનાને ઢોળ ચડાવવા જેવું છે. તે સ્નાત્ર પૂજા વિધિ સહિત સુંદર શાસ્ત્રી ટાઈપમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી શ્રીમદ્ હંસવિજયજી જૈન લાઇબ્રેરી—અમદાવાદ તરફથી પ્રસિદ્ધ કરવામા આવેલ છે. જે મુદ્દલ કીંમતથી ઘણીજ ઓછી કિંમતે તેનો બહોળો પ્રચાર થવા રાખવામાં આવેલ છે. ઘણીજ છોડી નકલો સિલિકમાં છે નીચેના શરનામે લખવાથી રૂ. ૦—૦—૬ માત્ર અડધો આના પોસ્ટેજ (જુદુ) થી મળી શકશે.

**શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર.**

For Private And Personal Use Only